સં. ૧૯૭૩ શ્રી પરમાત્મને નમઃ સને ૧૯૧૬

—શ્રી નવીન—

વફાદારે-હિંદ

લેખક,

સી. ટી. શાહ—કરાચી.

પ્રકાશક,

એચ. એમ. માસ્તર (પાગલ)

બે વીરરત્ન અને દિલીપ કુમારના કર્તા.

કરાચી.

આવૃત્તિ પહેલી

હિતેચ્છુ પ્રેસ—કરાચી

પ્રત ૧૦૦૦

કીંમત ૦—૧૨—૦

परमात्मने नमः

વન્દે ધારે–હિંદ

લેખક,

ચતુરભાઇ તારાચંદ શાહ—કરાચી.

પ્રકાશક,

એચ. એમ. માસ્તર (પાગલ)-કરાચી.

આવૃતિ પહેલી પ્રત ૧૦૦૦

સને ૧૯૧૬.

હિતેચ્છુ પ્રેસમાં હ. ?વા. ઠાકરે છાપ્યું—કરાચી.

કીંમત ૦-૧૨-૦ બારઆના.

પ્રસ્તાવના.

નાટક લખવાનો મારો આ પ્રથમજ પ્રયાસ હોઇ તેની અંદર અનેક જાતની ખામી હોય તે માનવા યોગ્ય છે. તોપણ એટલું તો ચોકસ માનવું જોઇએ કે આ પ્રથમાવૃતિ જન સમુહમાં મુકી તેની પરીક્ષા કરાવી તેમાં શું શું ખામીઓ છે તે જાણવુંજ જોઇએ. અને તેથી મેં આ નાટકને પુસ્તક રૂપે બહાર પડાવવાનું સાહસ ખેડયું છે.

હાલ યુરોપમાં જે મહાન વિગ્રહ ઉત્પન થયો છે તેમાં આપણા હિંદે કેવી વફાદારી બતાવી છે તેજ વસ્તુ સંકળના ગોઠવી આ નાટક લખવામાં આવ્યું છે. બે દેશી સ્ટેટોને કલ્પી વર્તમાન સમયમાં જેવી રીતે આપણા રાજા મહારાજાઓ પોતાના તન મન અને ધનથી મદદ કરી રહ્યા છે તેને આદર્શ રૂપ બનાવી, આ કલ્પીત વફાદાર રજપુતોના હૃદયમાં અને રગેરગમાં બ્રિટીશ રાજ્ય પ્રત્યે રાજ્યભકિતનું લોહી કેવું ઉછળી રહ્યું છે તેજ બતાવવાનો આ નાટકનો ઉદ્દેશ છે.

આ ઉપરથી સહજ આપણે જાણી શકીશું કે કેટલી હદ સુધી આપણે વફાદારી બતાવીએ છીએ, છતાં પણ કેટલાક વિઘ્નસંતોષી અમલદારો અમારી તરફ કરડી નજરથી જોઇ અમારી ઉન્નતીમાં આડે આવવું એજ તેઓની ભાવના છે પરંતુ અમારા સદભાગ્યે અમારી આ વફાદારી નામદાર શહેન

શાહ જ્યોર્જે વખાણી છે એટલુંજ નહિ, પણ તેના હૃદયમાં અસરકારક રીતે તે શબ્દો કોતરી રાખ્યા છે અને જે વખતે વિગ્રહની શાંતિ થશે તે વખતે એ કોરાઇ રહેલા શબ્દો અ-મારા ભવિષ્યની આશાને ફળીભુત કર્યા વીના નહિજ રહે.

લડાઇની શરૂઆતમાંજ હિંદની વફાદારી માટે પાર્લા-મેંટમાં પણ વખણુ થયાં હતા તે નીચેની બીનાથી સત્ય જણાઇ આવશે.

પાર્લામેંટમાં હિંદની પ્રશંસા

૧૯૧૪ સપટેમ્બરની ૯મી તારીખે આમની સભામાં મદદ નિશ હિંદી પ્રધાન મી. ચાર્લ્સ રોબર્ટસે હિંદના નામદાર વાઇસરાય તરફથી મળેલો એક અગત્યનો હેવાલ વાંચ્યો હતો. એ સંદેશાથી સભામાં ઉત્સાહ વ્યાપી રહ્યો હતો અને હિંદી રાજ નિષ્ઠાની ખરેખરી નોંધ લેવાઇ હોય તે પ્રમાણે વારંવાર તાળીઓના ગગડાટ થઇ રહ્યા હતા. ના. વાઇસરોય તરફના હેવાલનો સાર નીચે પ્રમાણે હતો.

રાજાઓનું સર્વસ્વ સમર્પણ

હિંદમાં ના. વાઇસરોયને નાણા માટે અંગત સેવા માટે તથા બીજા પ્રકારની મદદો માટે નીચેની માગણીઓ કરવામાં આવી હતી હિંદના દેશી રાજકર્તાઓ જેમની સંખ્યા લગભગ ૭૦૦ની છે તે સર્વ સામ્રાજ્યના બચાવ

માટે બહાર પડયા છે. તેમણે પોતાની અંગત સેવાઓ તથા પોતાના રાજ્યના સાધનો અર્પણ કરવાની માગણી કરી છે જે અનેક રાજાઓએ અને અમીરોએ લડાઇમાં જવાની ખુશી બતાવી છે તેમાંથી વાઈસરાયે જોધપુર બીકાનેર, કિશનગઢ, રતલામ, વાંકાનેર, અને પટીયાલાના રાજાઓ જોધપુરના કામ ચલાઉ રાજકર્તા સર પ્રતાપસિંહ. ભોપાલના પાટવી કુંવર અને કુચ બિહારના મહારાજાના એક ભાઇને તથા અમીરી કુટુંબોમાંથી લશ્કરી નોકરીમાં જોડાયલા કેટલાક "કેડેટો"ને પસંદ કર્યા છે.

મોટાં દેશી રાજ્યોમાંના ૨૭ રાજ્યો પાસે સામ્રાજ્યની સેવા માટે ખાસ લશ્કરો છે. અને તે સર્વ લશ્કરો લડાઈની શરૂઆતથીજ હિંદી સરકારની સેવામાં અર્પણ થયેલાં છે. ના. વાઇસરોયે તેમાંથી ૧૨ રાજ્યો પાસેથી, ઘોડેસ્વાર પાયદળ, અને ના. બિકાનેર તરફના ઉંટોની ટુકડીઓ સર્વ સ્વીકાર્યાં છે, અને તે અત્યાર પહેલાં વહાણો ઉપર ચડી ચુકયા છે જુદા જુદા રાજ્યોએ એકત્ર થઇને લડાઇ ઉપર જતાં લશ્કરોના ઉપયોગ માટે "રાજનિષ્ઠા" એ નામનું હોસ્પીટલની સગવડવાળું એક વહાણ સરકારને ભેટ આપ્યું છે માઇસોરના મહારાજાએ પચાસ લાખની રકમ લશ્કરના સંબંધમાં ખર્ચવાને માટે આપી છે, ગ્વાલીઅરના રાજાએ

પણ કેટલાક ઘોડાઓ આપ્યા છે, રેવાના મહારાજાએ પોતાના રાજ્યની ત્રીજોરી તેમજ પોતાનું ખાનગી ઝવેરાત પણ ના. શહેનશાહની સેવામાં અર્પણ કરવા જણાવ્યું છે, કાશ્મીરના મહારાજાએ ઇમ્પીરીઅલ ફંડમાં નાણાં આપ્યાં છે અને પ્રજામાંથી વધુ નાણાં ઉઘરાવે છે, નીઝામની સરકાર અને જામનગરના જામની પણ નાણાંની મદદ મળી છે નેપાળના રાજા તરફથી પણ મદદ મળી છે, એ સ્ટેટના લશ્કરીઓ તેમજ તેના વડા પ્રધાને રૂા. ૩ લાખ બ્રિટીશ અને ગુરખા ટુકડીઓ માટે તોપો ખરીદવાને આપ્યા છે ટીબેટના ડલા ઇલામાંએ પણ એક હજાર ટીબેટીયન લશ્કરીઓ સરકારની સેવા માટે આપ્યા છે, બ્રિટીશ હિંદમાં પણ આજ પ્રકારનો જુસ્સો વ્યાપી ગએલો છે.

હિંદના ઘણા સ્થળોએથી સેંકડો કાગળો અને સંદેશાઓ ના. વાઇસરોયને મળેલા છે અને સર્વમાં બ્રિટનના જયની શુભેચ્છા દર્શાવી છે.

અનુપમ રાજનિષ્ઠા

મી. રોબર્ટસ વધારામાં જણાવ્યું કે—જે કેટલાક રાજાઓ હાલમાં યુરોપમાં છે. તેમણે પણ આજ માગણીઓ કરી છે વડોદરાના ગાયકવાડ અને ભરતપુરના મહારાજાએ પોતાના રાજ્યના સાધનો સરકારની સેવામાં

મુકયાં છે, ઇંગ્લાંડમાં વસતા હિંદીઓ હિંદી વિદ્યાર્થીઓ વિગેરે એ પણ પોતાની રાજ નિષ્ઠા ભરેલી માગણીઓ જાહેર કરી છે છેવટે મી. રોબર્ટસે કહ્યું કે મને વિશ્વાસ છે કે યુરોપને ખાતર હિંદના લોકો અને તેના રાજાઓએ રાજ નિષ્ઠાની જે અનુપમ પ્રકારની માગણીઓ કરી છે તે માટે ખરેખર આ સભાને અને આ દેશને ઘણોજ આનંદ થશે.

ના. વાઇસરોયનો ઉપરનો રીપોર્ટ ઉમરાવોની સભામાં વંચાઇ રહ્યા બાદ લોર્ડ ક્રુએ જણાવ્યું કે—નામદાર શહેનશાહ તથા સરકાર તરફથી શુદ્ધ અંતઃકરણ પુર્વકની આ રાજ નિષ્ઠાનો દેખાવ હાલની લડાઇમાંના એક સંતોષકારક બનાવ સમ છે. સ્વરાજ્ય ભોગવતા સંસ્થાનો તરફની મદદ ઘણીજ અસરકારક છે હિંદમાંની જુદી જુદી કોમો કે જે ન કહી શકાય એવા અસલના સુધારાના પ્રતિનિધિઓ જેવી છે અને જે કોમે હથીઆરો હુન્નરો અને રાજ વહીવટના શાસ્ત્રમાં પ્રવિણ છે તેઓ આમ અંતઃકરણ પુર્વક બ્રિટીશ સરકારની આસપાસ અને ખાસ કરીને ના. શહેનશાહથી એકત્ર થઇ છે તેથી મારી ખાતરી છે કે આ સભા તરફથી જેઓને બોલવાનો હક છે તેઓ મારફત એ કોમોની વલણની કદર કરવાની અને તેઓએ ભજવેલા ભાગનો સ્વીકાર જાહેર કરવાની આ સભા ઇચ્છા રાખશે.

હિંદ માટે ઇંગ્લાંડમાં ફેલાએલો ઉત્સાહ

ના. વાઇસરોય તરફથી ગયેલા સંદેશાને ઇંગ્લાંડના લોકોએ આશ્ચર્ય અને પ્રશંસાની લાગણીથી વધાવી લીધો છે ઘણા છાપાંઓ મુખ્ય મુખ્ય હિંદી રાજાઓના ફોટોગ્રાફ પ્રગટ કરે છે અને હિંદી લશ્કરને યુરોપીઅન લશ્કર સાથે "ડેલીમેલ પત્રે વાઇસરાયના સંદેશા સંબંધમાં લખેલા લેખનું મથાળું "A day worth living for" એવું કરેલું છે. "ટાઇમ્સ" જણાવે છે કે–આમની સભા ઉપર વાઇસરોયના સદેશાએ જે અસર કરી હતી તે ભાગ્યેજ બીજી કોઇ વેળાએ થઇ હશે હિંદના અભિમાન લેવા જોગ રાજાઓ તરવાર સાથે રણક્ષેત્રમાં જઇને ઉભા છે અજ હિંદુસ્તાનનો કયસરને કીર્તિ ભર્યો જવાબ છે.

યુરોપ રણસંગ્રામમાં હિંદી સૈનીકો

પ્રેસ મંડળીને જાહેર કરવાની રજા મળી છે કે હિંદી લશ્કર ફ્રાન્સમા ઉતર્યું છે. લંડનથી જણાવવામાં આવે છે કે ના. શહેનશાહના હિંદી લશ્કરને લઇને જ્યારે વહાણો ફ્રાન્સના કીનારે આવી પહોંચ્યા ત્યારે ઇતિહાસમાં એક નવું પાનું ઉઘાડ્યું હતું. જ્યારે શીખ સીપાઇઓ સાથે આ લશ્કર શહેરમાંથી પસાર થયું ત્યારે લોકો ઘણા હર્ષમાં

આવી ગયા હતા. શીખો, ગુરખાઓ પંજાબીઓ બલુચીઓ અને રત્ન જડિત મુકટોવાળા હિંદી રાજકુમારોનો દેખાવ હૃદય હલ મલાવે તેવો હતો લોકોની ઠઠ રસ્તામાં મકાનોની બારીએમાં અને અગાશીઓ તથા કઠેરાઓમાં એકઠી થઇ હતી, અને હિંદીઓને ફ્રેંચોએ તાળીઓના ગગડાટોથી વધાવી લીધા હતા. તેઓ ઉપર પુષ્પ વૃષ્ટિ પણ કરવામાં આવી હતી વળી તેઓના પોષાકોમાં ફુલો અને ત્રિરંગી વાવટાઓ ખોસેવા માટે તથા તેમના હાથ હર્ષથી દાબવા માટે લોકો આગળ વધ્યા હતા અને બલુચીઓ જ્યારે 'લામારસેલીસ'' નું ગીત વગાડતા પસાર થયા ત્યારે ઉત્સાહ હદ ઉલ્લંઘી ગયો હતો.

આ ઉપર જણાવેલી ટુંક પણ મુદાસર વાતો ઉપરથી આપણે એટલું તો સિદ્ધ કરી શકીશું કે આપણે માટે ના. શહેનશાહના હૃદયમાં ભવિષ્યની આશા રૂપી જે બીજ ઉગી નીકળ્યા છે તે વહેલા મોડા ફળી ભુત થશે.

આ નાટક આજે દેઢ બે વરસની લાંબી મુદત પછી બહાર પડયું છે તેમાં જોઇતો ફેરફાર કરવામાં આવ્યો છે. છેવટે એટલુંજ કે

God Save The King

સી. ટી. શાહ.

"અણુ વિંધ્યું મોતી નીવડે વખાણુ"

એજ આપણી અમૂલ્ય કહેવતને આજે આપણા બ્રિટીશ શહેનશાહતના બહુ મૂલ્ય હીરાઓએ અત્યંત માન આપ્યું છે અને હવે આ મહાન વિગ્રહની શાન્તિ થએથી હિંદવાસીઓની જીગરતોડ વફાદારીનું અમૃતફળ હિંદને મળવુંજ જોઇએ તેવી આપણા નામદાર શહેનશાહની હ્રદયોર્મી પોતાના હિંદ માટેની છે. તે જલદી પ્રગટ થાઓ એજ આ પ્રકાશકની અંતિમેચ્છા છે.

વફાદારે—હિંદ નામક નાટયના પ્રકાશક તરફિનું જે અપ્રતિમ માન તે નાટયના પ્રયોજક સોરાષ્ટ નિવાસી શ્રીયુત ચતુરભાઈ તારાચંદ શાહ તરફથી કોઇ પણ પ્રકારના વાંધા સિવાય મને મળ્યું છે તેને માટે હાલ તુરતમાં એટલુંજ કહીને હું વિરમું છું કે શ્રી જગતના પાલનહાર પ્રભુ તેઓશ્રીને આવાંજ કાર્યો (રાજા—પ્રજા) એ ઉભય પક્ષના હિતાર્થે કરવામાં તેમની જીંદગીની સહચારિણી લેખીણિ દેવીને દીર્ઘકાળ સુધી થોભવા ન દે એજ પ્રાર્થના—

વળી સ્થળાનુકુળ ધારતાં મારે અતિ સહર્ષથી જણાવવું જોઇએ કે આ વફાદારે હિંદના અગાઉથી ગ્રાહક થઇ મારે માટે ઉદાર લાગણી બતાવી છે તેવા મારા વડોદરા નિવાસી મુરબ્બી શ્રીયુત ઘેલાભાઈ જમનાદાસ વકીલ તથા અત્રેના મારા સહ્રદય સન્મિત્રો શ્રીયુત વીરજી ખીમજી દોશી, સી. એલ. ગીરી

વિગેરે ભાઇબંધોએ મ્હને આ સુપ્રસંગે પોતાની મદદ રૂપી લાગણીથી જે ઉપકૃત કર્યો છે, અને મ્હારા હૃદય ઉપર મિત્રતાની સાચ્ચી સચોટ અસરની પ્રતિભા પાડી છે તે હું કદાપિ પણ ભુલી શકીશ નહિ તોપણ આ પ્રસંગને બે મુલ્ય ગણવા છતાં અમુલ્ય માનીને કંઇક ઉપકૃત થાઉં છું.

राजा प्रजानाम् शांति र्भवतु.

ઇત્યલમ

નૂતન વર્ષારંભે વિક્રમાર્ક સં. ૧૯૭૩ કાર્તિક શુદી ૧	}	પ્રકાશક પાગલ



સ્નેહાભિવંદન પત્રિકા

માં-યવર શ્રીયુત જોષિ મુલજી શંભુરામ શાળીઆની પ્રત્યેક શુભ સેવામાં

મુળ સ્થાન કચ્છ ભુજ નારાયણ સરોવર
વર્તમાન સ્થળ—કરાચી.

આપનું અને આ પ્રકાશકનું સ્નેહ સંમેલન ઘણા ટુંક સમય નું હોવા છતાં મ્હારા પ્રત્યે આપે જે નિઃસ્વાર્થ પ્રેમના ઝરણુ વહેવડાવી મ્હારા પ્રત્યેક શુભ કાર્યોના કારણભુત બનીને જન સમાજની માનનીય દરેક અભિરૂચીઓને અવલંબનાર તરીકે મને જે મદદ કરી રહ્યા છો એટલુંજ નહિ પણ આ રાજા પ્રજાનો અમુલ્ય સંબંધ ધરાવતા વફાદારે હિંદ નામના પુસ્તકમાં મને જે મદદ કરી છે તેનો જો કે હું ઉપકાર વાળી શકું તેમ નથી તો પણ આપના ખાસ પ્રત્યે ઝરતાં પ્રેમનાં અખંડ બિંદુડાંઓમાંથી ફકત એકજ બિંદુ રૂપે આ પુસ્તક આપને અર્પણ કરી કૃતાર્થ થાઊં છું.

લી૦ આપનો સ્નેહાભિલાષિ
હીરાલાલ (પાગલ)

"એ વીર રત્ન"નું દ્વિતીય પુષ્પ ડીસેમ્બર આખરે બહાર પડશે

હરીફાઇની ઝુંબેશમાં જીતાએલાં

"એ વીર રત્ન"

તે શું ?

૧ માનવ જીવનનું અમુલ્ય ઝવેરાત "એ વીર રત્ન" છે.
૨ પોતાની પ્રિયતમા, ભગિનીની એક સહચરિણીની ગરજ "એ વીર રત્ન" સારે છે.
૩ પ્રેમ પથિકોનો જીવન ભરનો સાથી "એ વીર રત્ન" છે.
૪ સન્મિત્ર તરીકેનું અમર નામ "એ વીર રત્ન" કરે છે.
૫ સ્વાર્થી કામાન્ધ નર પીશાચોનું જડમુળ ઉખેડનાર ખુની ખંજર "એ વીર રત્ન" છે.

☞ તા૦ ક૦ "એ વીર રત્ન" ના ઉપાસકો તેમજ જાહેર પેપરો પોતાનો ઉમદા મત જાહેર કરતા જણાવે છે કે જેઓ એ "એ વીર રત્ન"નું પુસ્તક વાંચ્યું નથી તેઓએ વાંચવું ખાસ જરૂરનું છે માટે નીચેના શરનામાપર એક પોસ્ટ કાર્ડ લખી આજેજ મંગાવી લો. કીંમત ફક્ત રૂા. એક છે પોસ્ટેજ જુદું.

મળવાનાં ઠેકાણાં
એચ. કે. મહેતા
ઠે. શ્રી તરૂણ શુભેચ્છક બંધુ મંડળના લાયબ્રેરીયન પાસેથી
નેપીયર રોડ,—કરાચી.

શ્રીયુત વકીલ મંગળદાસ ચુનીલાલ
ઠે. રાવપુરા મામાની પોળ,—વડોદરા.

લેખક અને પ્રકાશક
એચ. એમ. માસ્તર (પાગલ)

॥ श्री परमात्मने नमः ॥

श्री नविन

वफादारे–हिंद.

(त्री अंकी नाटक)

(લેખક:–ચતુરભાઇ તારાચંદ શાહ)

મંગલાચરણ

સુત્રધાર—   ૧

જય ત્રિભુવર ત્રાતા

વિશ્વંભર વિખ્યાતા............જય૦

સત્ય સહાયક પ્રભુ અધમ ઉદ્ધારક

ધર્મ ધુરંધર ભ્રાતા............જય૦

મંગળમય હરી વિઘ્ન સંહારક

ઉદ્ધાર કરો સુખ દાતા........જય૦

બાળાઓ—વડિલ શ્રી આજે આ રંગભૂમી પર કયો પ્રયોગ ભજવી જન સમુહની ઉત્સુક વૃત્તિ તૃપ્ત કરવા ધારી છે?

સુત્રધાર—સુશીલ બાળાઓ? આજે "વફાદારે હિંદ" નામનો પ્રયોગ બેઠેલા શોખીન પ્રેક્ષકો સન્મુખ ભજવી બતાવવાનો છે!

બાળા—એટલે !

સુત્રધાર—સાંભળો ? આજકાલ યુરોપમાં જે મહાન યુદ્ધ ચાલી રહ્યું છે તેમાં આપણા બ્રિટીશ સરકાર સત્યના બેલી થઇ પોતે સામેલ થયા છે. અને તેમાં આપણા આર્ય વીરો પણ બ્રિટીશના સાચા વફાદાર થઇ આગળ પડતો ભાગ લઇ આર્યતાનું ગૌરવ ઝળકાવી રહ્યા છે આ સિવાય આપણા હિંદે આ લડાઇમાં પોતાના તન મન અને ધનની જે આહુતિ આપી છે. વિગેરે તેમજ બ્રિટીશ સરકારની સત્યતા વિગેરે આ પ્રયોગનો ઉદ્દેશ છે. ચાલો આપણે હવે આપણા કાર્યમાં સત્વર જોડાઇએ.

બાળાઓ—વાહ. વ હ. કેવો સરસ પ્રયોગ. બ્રિટીશ સરકારની કેટલી બધી સત્ય પ્રિયતા. કેવો ન્યાય. ખરેખર—

૨

"સત્ય નીતિવાન સદા જગતમાં ગવાશે."

જય વિજય રણમાંહિ તેનો થા........શે....

૧ બાળા—વારી જાઉં બ્રિટીશના નામને

કરે ન્યાય તણા સદા કામને

૨ બાળા—હિંદ વીરો બ્રિટીશની સાથે

લડે શુરતાથી જીવની સાટે

તેથી દુશ્મનો પુરા તો મરાશે

ધન્ય તે શુરા ન્યાયમાં પુરા.

નામ સ્મરશે સહુ જગ વાટે ઘાટે.......સત્ય૦

(જાય છે)

•

અંક પહેલો.

પ્રવેશ પહેલો.

સ્થળ-વસંતપુરનો બગીચો—તેજસિંહ મહારાજની યુવાન પુત્રી સુરબાળાનું સાહેલીઓ સાથે નિત્યના નિયમ પ્રમાણે શીવમંદિર દર્શનાર્થે આવવું. સરખીવયની સાહેલીઓનો આનંદ સુરબાળા હજુ કુંવારી હોવાથી મદન તાપમાં મુંઝાતી નજરે પડેછે. સખીઓની મશ્કરી, પાછળથી સરદાર કેશરીસિંહનું આગમન અરસ પરસ મેળાપ અને પ્રેમ જાગ્રતિ સાથે રકાઝકમાં પ્રેમ બંધનથી બંધાવું, સમય થતાં બંનેનું જુદું પડવું.)

સુરબાળા અને સાહેલીઓ— ૩

ચાલો સાહેલી (૨) પુજા સાંબતણી કરવા
ઉમા વરને (૨) ભેગી દુખડાં સહુ હરવા....

કુમકુમ કેશર આરતી વંદન સહુ મળીને કરીએ
ભાવથી પુજન જો કરીએ તો મનવાંચ્છિત વર વરીએ....ચાલો૦
એવ્રતનું વ્રત પુરણ થાતાં ધ્યાન શંભુનું ધરિએ
સંસારે સુખ અખંડ પામી આ ભવથી સ્હેજે તરીએ....ચાલો૦

બધી સખીઓની સાથે મંદિરમાં પુજા કરવા જવું, પુજા કરી બહાર બગીચામાં આવવું.

૧લી સખી—બ્હેન સુરબાળા આજે આપણા એવ્રતની પુર્ણાહુતિ થઇ છે. આજે તો આનંદનો દિવસ ગણાય છતાં તું આમ ઉદાસી કેમ જણાય છે. શું શરીરે કાંઇ ઠીક નથી.

સુરબાળા—ના બ્હેન! આજે કોણ જાણે મને શું થાય છે કે કાંઇ ચેનજ પડતું નથી.

દિનકર નવગમેને ના ગમે રાત્રી કાન્ત
વ્યથિત સમ સંધ્યા ખીન્ન લાગે પ્રભાત
રૂદન મય દીસેને બોલવું ના ગમે કંઇ
જગત બધું છવાયું શોકથી આ દીસે છે.

૨જી સખી—એ તો જરા સુસ્તી ભરાણી હશે ચાલો બ્હેનો આપણે સહુ ફુલો વીણી તેનો હાર અને વેણી બનાવી બ્હેનેને આજે શણગારીએ એટલે ઉદાસી મટી જશે.

સખીઓ—હા ચાલો (સર્વે જાય છે)

એકલી પડેલી સુરબાળા વિચારના તરંગમાં

સુરબાળા—મજાની ફુલવાડી આ ખીલી છે ખુશનુમા કેવી
વસંતે ખુબ ખીલાવી છતાં નિસ્તેજ છે કેવી
વળી આ કેવું—
નવરંગીત આ ફુલડાં કરમાતાં દેખાય
મળે ભોગી ભ્રમરનો આનંદ ઉર ઉભરાય......(ન)

હા ખરેખર ખીલ્યુ તેને ખીલાવવું, પાળયું તેને પોષવું, અને જાયું તેને જાળવવું, એ કુદરતનો કાયદો છે પરમાત્માનું પવિત્ર ફરમાન છે, અત્યારે આ ખીલેલી ફુલવાડીની હું માલીક છું, ઉપભોગી છું, તેથી તેને હમણાંજ ખીલાવીશ આ ખીલેલાં ફુલડાં ચુંટીશ અને તેની સુગંધી લઇ યોગ્ય કદર કરીશ આ વૃક્ષો લતાઓ અને છોડવા ને હમણાંજ જળ સીંચન કરી તૃપ્ત કરીશ આહા તેથી તેઓ કેવા ખીલશે કેવા ડોલશે અને હું તેના માલીકને કેવા નવ નવી સુગંધીત ફુલડાંની ભેટ કરી કૃતાર્થ થશે અરે તેમજ આ મારી દેહ રૂપી કુલ વાડી અત્યારે તેવીજ છે પણ તેનો ઉપભોગ લેનારો કોઇ માલીક નથી સુગંધ લેનાર કાઇ ભોગી નથી જળ સીંચન કરનાર કોઇ રસીક નથી તેથીજ આ મદન તા । મને સતાવી આ દેહ રૂપી કુલવાડીને કેવી નીરતેજ બનાવે છે અરેરે......

(૪)

અનંગ પીડા ઘડી ઘડી અકળાવે
માનુનિ મનમાંહિ મુંઝાયે....
નવ રંગીત આ ઉપવન ખીલ્યો
(પણ) માળી વીના સહુ સુકાયે........અનંગ૦
સ્નેહ વિલાસી ભ્રમર વિણ આ
ભ્રમિત મનડું મુંઝાયે........
મદન દહન કરતો અતિ મુજને

કોમળ કળી આ કરમાયે
ગઇ હું મુંઝાઇ અતિ અકળાઈ
હાય હવે તો હું હારી.

સખીઓ—હા—હારી હારી શું કરે લવારી
વાતો જાણી અમે તારી.........અનંગ......

૧ સખી—અલી શું કરે છે શા વિચારમાં હું આમ ગભરાએલી કેમ જણાય છે.

૨જી સખી—જોને આ તેના ચળકતા ગુલાબી ગાળ કેવા નિસ્તેજ બન્યા છે. કહો કે ના કહો પણ આજે આ કાંઇ ઉદાસમાં છે.

સુરબાળા—સખીઓ તમને વધારે શું કહું તમે પણું ઉમર લાયક છો એટલે સમજી શકો તેમ છો.

સખી—હા બા પણ તેથી શું ? આપણે પિતાજીને કહીશું અને ખબર તપાસ કરાવશે આપણે પણ તપાસમાં રહીશું.
એટલામાં પાછળથી કોઇનું ગીત સંભળાયું.

\+ \+ \+ \+

આજે અમારા મંદીરોમાં પ્રેમ પુજા થાય છે.

\+ \+ \+ \+

સુરબાળા—સખી આ કોનો સ્વર છે.

૧ સખી—બા એ તો આપણા સરદાર કેસરીસિંહ છે. તે ગાતા ગાતા આ રસ્તેથી સામેના મહાલયમાં જતા જણાય છે.

સુરબાળા—ચાલો ત્યારે આપણે એક બાજુ સંતાઇને સાંભળીએ આહા શું મીઠો સ્વર છે સ્વરમાં કેવી અજબ મોહીની રહેલ છે. ખરેખર આ સ્વર પ્રત્યે મારા હૃદયની લાગણીઓ ખેંચાય છે. (એમ કહી બધી સખીઓ સાથે બાજુમાં ઉભી રહે છે.)

કેશરીસિંહ ગાતો ગાતો આવે છે.

આજે અમારા મંદીરોમાં
પ્રેમ પુજા થાય છે
શાન્તિ સુધારસના ભર્યા
રસ ગાન ત્યાં જગવાય છે
લવ લેશ દ્વેશ ન રાગ કંઇ
સમ ભાવ સઉ જન ઉપરે
પરમાર્થ પર ઉપકારના
સ્મરણો સદા ચી-તે ધરે
એવા ભક્ષાવિર ભકતના
સમદર્શી દર્શન થાય છે
આજે અમારા મન્દિરોમા પ્રેમ પુજા થાય છે
હોય રાજા કે તવંગર
ધ્યાની ધર્મા ચાર્યકો
ઉચ્ચનિચ સમાન સર્વે
પહોચે નહિ અધિકારકો

દ્રષ્ટિ દયાથી પરમ પદને
હર્ષ જ્યાં ઉભરાય છે.
આજે અમારા મન્દિરોમાં પ્રેમ પુજન થાય છે......

(આગીત)

આહા શું પ્રભુની અગમ્ય લીલા—પ્રેમની કેવી મહત્વતા

એટલામાં પાછળ ઉભેલી સખીઓમાં ગડબડ જણાય છે. અરે આશું ગડબડ એકદમ ત્યાં જાય છે આ વખતે પ્રેમના અધિક ઉમળકાથી કુમારી સુરબાળા એકદમ મૂર્છિત થાય છે. એટલે સખીયો ગભરાટમાં પડે છે અને બુમ પાડે છે

કેશરી—કેમ બાળાઓ શું છે આમ ગભરાઓ છો કેમ !

સખી—સરદાર આ રાજ કુમારી સુરબાળા આમ અચાનક એકદમ મૂર્ચ્છિત થયાં છે હાય હવે અમે શું કરીએ.

કેશરી—ગભરાઓ નહિ જાઓ ગુલાબજળ લઇ આવો પાણી લાવો તમે દરેક જુદી જુદી વસ્તુ લેવા એકદમ જાઓ હું અહિં બેઠો છું જાવ ગભરાઓ નહિ (બધી સખીઓ જાય છે) સુરબાળા ધીમે ધીમે બેઠી થાય છે. એવામાં પોતાની પાસે પવન નાખતો કેશરીસિંહને જોઇ એકદમ ઉભી થઇ ગભરાય છે.

સુરબાળા—અરે તમે કોણ છો, મારી સખીઓ ક્યાં?

કેશરી—બાળા ગભરાશો નહિ હું કેશરીસિંહ સરદાર છું તમને આમ મૂર્ચ્છિત જોઇ તમારી સખીઓને ગુલાબજળ વિગેરે લેવા મોકલી છે. હમણા આવતી હશે

સુરબાળા:—તેનું તેજ જોઇ મોહિત થાય છે અને શરમાઇ જાય છે

સરદાર—આમ શરમાઓ છો કેમ હું કાંઇ અજાણ્યો પુરૂષ નથી–

સુરબાળા—હાં......હમણાં તમેજ ગાતા હતા કે

કેશરી—હા એતો હુંજ ગાતો હતો

સુરબાળા—આ હા શું મધુરસ્વર કેવી લાવણ્યતા સ્વરમાં કેવી અજબ મોહિની વાહ સરદાર તમારા એ ગાયનથી હું બહુજ ખુસી થઇ છું.

કેશરી—એમાશું પ્રભુએ આપેલી બક્ષીસ ફુરસદના વખતમાં જો ન અનુભવીએ તો પ્રભુના ગુન્હેગાર થવાય છે. જેથી હું જ્યારે નવરો હોઉં છું ત્યારે આવા એવી મહાન કવિઓની પ્રસાદી સાંભળી મગ્ન થાઉ છું

સુરબાળા—વાહ પણ આજે તો તેના બદલામાં મારે તમને કાંઇક ઇનામ આપવું છે કેમ સ્વીકારશોને.

કેશરી—એમાં વળી ઇનામ શાનું હું કાંઇ ગવૈયો નથી તેમજ ગાવાનો ધંધો નથી કરતો કે ઇનામની આશા રાખું તોપણ આપનું ઇનામ લેવું તો કાંઇ અમને હલકા પણું નથી કારણ કે અમે આપનુંજ લુણખાઇ આનંદ ભોગવીએ છીએ. ભલે આપ કુમારીની એવી ઇચ્છા હોય તો હું સ્વીકારીશ

સુરબાળા—એમ નહિ હું ગમે તે વસ્તુ આપીશ. અને તે તમારે સ્વીકારવીજ પડશે તેને માટે પ્રથમથી વચન આપી બંધાવું પડશે સમજ્યાને

કેશરી—ખુશીથી લ્યો આ વચન—તમારી ગમે તેવી વસ્તુ હશે તો પણ તે હું સ્વીકારીશ.

સુરબાળા—કરૂં છું ભેટ હું આજે, નથી તે ચીજની કીંમત.
સ્વીકારો ભાવથી તેને, હદયમાં રાખીને હિમત
એ શબ્દની એ વસ્તુ છે, અજબ છે મોહિની તેમાં
જગત બધું મસ્ત છે તેમાં. પ્રભુ પણ આધિન એમાં
ચતુર છો આપ બહુ શાણા, સમજી વાત એ સ્વીકારો
કહું છું છેવટે પ્યારા, સ્વીકારો પ્રેમ એ મારો

કેસરી——બાળા આ શું બોલો છો, તમે કોણ અને હું કોણ હું તમારો નોકર તમારૂં લુણ ખાનારો—આ વાત બનવી તદન અશકય છે—રાજાજીને ખબર પડે તો આપણું શું થાય તમે એક રાજકુમારી—ગરીબ સરદારની ઝુંપડીમાં એ કદિ ન બને.

સુરબાળા—કેમ હમણાં તમે ગાતા હતા ને ! તેનો ભાવાર્થ શું છે વારૂ. બસ ઘડીકમાં ભુલી ગયા કે વળી હમણા આપેલું વચન શું નકામું ગયું કે વાહ સરદાર વાહ બસ બધા સરદારો તમારા જેવા વચનભંગી હશે કે !

કેશરી—લાચાર છું તમારા અત્યાગ્રહને લઇને તેમજ તમારી પ્રેમ પુર્ણતાની લાગણીને લીધે સ્વીકારૂં છું.

સુરબાળા—આપો વચન.

કેશરી—લ્યો વચન.

સુરબાળા—ત્યારે આવો આ માળા સ્વીકારો.

૫

લ્યો માળા આ સ્વીકારો
માનીશ ઉપકાર તમારો

કેશરી— અર્પણ કરીને આ માળા
મને કર્યો આભારી બાળા

સુરબાળા— છે અમુલ્ય ચીજ અમારી
રક્ષણ કરજો વનમાળી
જીવન અર્પ્યું ઉપકારી
થઇ વશ આજે આ નારી...........

એ પાછળ ઉભી રહેલી સખીઓ આ બધુ જુવે છે પાછળથી એકદમ આવીને સરદારને તથા કુમારીને ફુલડે વધાવે છે.

કેશરી—પ્રિયે અત્યારે તો હું રજા લઇશ કારણકે મારે અગત્યના કારણ માટે કચેરીમાં જવાનું છે વળી પાછો હું તમને મળીશ.

સુર—ખુશ સાથ સિધાવો...પણ.........

૬

દાસીને દર્શન દેજો રાજ
વ્હાલમજી વચને પળજો
અમ અરજી ઉરમાં ધરજો રાજ....વ્હાલમજી
તમ જીવનમાં જીવન અમારૂં છે અર્પણ તમને રાજ
વ્હાલમજી વચને પળજો....

સખીઓ—વેલીના છો તરૂવર બેલીરાજ
સુર............................વ્હાલમજી
સખીઓ–સ્નેહ નિભાવી સ્નેહી હૃદયે અમૃત આનંદ ભરજો રાજ
સુર—.......................વ્હાલમજી વચને પળજો
તમે આપેલ વચને મળજો રાજ....વ્હાલમજી
આપ વિયોગે આ તનવેલી
કરમાશે મન ધરજો રાજ....વ્હાલમજી
(પડદો પડે છે)		જાય છે

પ્રવેશ રજો

સ્થળ—વસંતપુરના વણીક લક્ષ્મીદાસનો બંગલો લક્ષ્મીદાસની સુશીલ પત્નિ સુશીલા પોતાના પુત્ર વધુના સુધારાથી અને ફેશનની ફિસીયારીમાં તણાઇ બિમજાસી થએલી હોવાથી બળાપો કરતી સ્વામી સેવાનો મહિમા વિચારતી નજરે પડે છે. પાછળથી પુત્ર વધુ અને પુત્રનું આવવું ડોશીનો તિરસ્કાર અને મશ્કરી.

સુશીલા—		૭
આજ કાલની આર્ય બાળાઓ શીખે ભણતર સારૂ
નવિન નવિનને સારૂં માને છે જુનું છે તે નઠારૂં
ધર્મને ધક્કે નિત મારે, ધણીને નોકર સમ ધારે
સાચો સુધારો નોનસન્સ, ગોવે યસ કમ ઓનમાં આવ્યો
વેરીગુડ પ્લીઝ સર ગુડમોરનીંગ નેગુડબાયનોમાં સમાયો
કર્યા છે આર્ય જનો અંધા બનાવ્યા સ્વછંદી સંધા

અહા ? જમાના ? જમાના ? ત્હારી પણુ બલીહારી છે ! એક વખતે આ આર્ય ભુમિમાં અનસુયા તારા દ્રૌપદી સીતા લોપામુદ્રા સાવિત્રિ જેવી સન્નારીઓને ઉત્પન્ન કરી આર્ય ભુમિની કીર્તી દીગ દીગાન્તરે દીપાવી દીધી છે. અને અધુના આર્ય ભુમિને ભાર કરનારી અર્ધદગ્ધ આર્યાઓને બનાવી છે, કે જેઓ આર્ય મટીને નિરંતર અનાર્યા બનવાનાજ પ્રયત્નો કરે છે, વાહરે કાળ આ પણુ તારી અજબ ગતિ છે ? સુધારા? સુધારા ? ત્હેં પણુ તારૂં સાચે સાચું સ્વરૂપ સંતાડી કૃત્રીમ સ્વરૂપના ફંદમાં અર્ધદગ્ધ સ્ત્રીઓને ફસાવી આર્ય બાળાઓના સુખનું સત્યાનાશ વાળ્યું છે. આહા આ મારા દિકરા રમણીકલાલ નેં પઇસાદારની પુત્રી અને સુધરેલી ભણેલી પેલા ધનપાળ શેઠની પુત્રી સંગીતા જોડે પરણાવ્યો. પણુ બાઇ સાહેબે તો આવી અમારૂં સત્યાનાશ વાળ્યું ધર્મને ધતિંગ જણાવી દેવ મંદિર ફેંકાવી દીધું. શરમને નેવે મુકી. બસ બધો યુરોપીઅનજ ઠાઠ એટલામાં તેનો સાદ સાંભળ્યો.

લ્યો આ મડમ સાહેબ આવ્યા...અરે સાથે રમણુ પણુ છે ને શું ? ચાલો આપણે એક તરફ થઇ જઇએ નહિ તો પછી ખાસડા ખાવા પડશે હે પ્રભુ આર્ય દેશને હવે સનમતિ આપ તો સારૂ.

સંગીતા અને રમણનું આવવું.

સંગીતા— ૮

વ્હાલા મુંબઇથી મોટર મંગાવો
મોટર મંગાવો બે ગાડીઓ મંગાવો
સાડી પોલકાથી શુંદરી શોભાવો.......વ્હાલા૦
બુટ સ્ટોકિંગ વિનાં નહિ ચાલે
કરીશ ઓર્ડર હું તારથી કાલે
બની કુકડને સુધારો દિપાવો...........વ્હાલા૦
લેડી કલબને બાગ બગીચે
સાથે ફરશું વ્હાલાજી ઉમંગે
બસ એજ સાચા સુધારાને વધાવો.......વ્હાલા૦

[illegible]—યસ યસ, માઇ ડીયર, આઇવીલ ઓર્ડર ટુ મોરો, અરે પણ આજે લડાઇના ફંડ માટે સભા મળવાની છે. ને આપણુ બન્નેને આમંત્રણ કરેલું છે.

સંગીતા—આઇ સી, ટાઇમ તો નાઇનઓકલોકનો રાખ્યો છે, અને આઠ તો વાગ્યા છતાં હજુ રસોઇ નથી થઇ આને કેટલું બધું ડીફીકલ્ટ મેં તમને ઘણી વખત કહયું કે તમે કુકને રાખો ડોશી તેના ધર્મ પુરાણુમાંથી નવરા પડે ત્યારે રસોઇ કરેને, વળી તમારી સીસ્ટર તો બસ ભાગવત, ગીતા, શ્રી ધર્મ પ્રકાશ એવા એવા નકામા ટાયલા વાંચીને તેમાંજ ઘેલાં થઇ ગયા છે, મેટ્રીક સુધી ભણ્યા પણુ કાંઇ નહિ બીલકુલ એટીકેટ નહિ ખરેખર તેમણે તો ઇંગ્રેજી કેળવણી લજવી છે,

રમણ—હવે એ ટાયલા જવા દીયો, અને મીટીંગમાં જવાની તઇયારી કરો અને રસોઇને શું વાર છે તે પુછો.

સંગીતા—નો, આઇનેવર ટેલહર હું કદી પણ તે ડોકરીને નહિ પુછવાની ચાલો હોટલમાં બ્રેકફાસ્ટ લઇશું

રમણ—અરે ડોશી, ઓ ડોશી, કમ ડીયર કમ ડીયર.

સરસ્વતિ—(એકદમ આવીને) કેમ મોટા ભાઇ શું છે.

રમણ—હજુ સુધી રસોઇ કેમ થઇ નથી તમે આંહી બેઠા બેઠા શું કરો છો.

સંગીતા—ભાગવત વાંચે છે.

સરસ્વતિ—હા, ભાભી ! ભાગવત વાંચીએ છીએ, કેમ તમારે તેનું શું છે!

રમણ—વધારે ન બોલ ડોશી કયાં મરી ગઇ છે.

સરસ્વતિ—બાપાજીની તબીયત આજે વધારે નરમ છે. તેથી તેને માટે જરા ઓસડ વાટે છે અને હું બાપાજીના પગ દાબું છું તેમાં જરા રસોઇ મોડી થઇ છે. ચાલોને બાપા તમને બહુ યાદ કરે છે.

રમણ—મ્હારૂં ત્યાં શું કામ છે. એતો હોય હવેતો ઘડપણ આવ્યું છે ને, ઠીક છે. હમણાં તો અમારે સભામાં જવાનો ટાઇમ થઇ ગયો છે. માટે નહિ આવી શકાય, કેમ ડીયર.

સંગીતા—યસ, માઇ લવ, બટ ડીનર ને માટે શું કરીશું બસ કાલે ને કાલે એક રસોઈઓ રાખી લ્યો

રમણ—નાસ્તો મંગાવું છું (એમ કહી બહાર જાય છે)

સરસ્વતિ—ત્યારે જરા તસ્દી લઇને આપ પોતેજ પુરી બનાવી મારા ભાઇને જમાડો તો કેમ.

સંગીતા—નોનસન્સ શું હું તમારી ચાકરડી છું કે રસોઇ કરૂં નો નો હું કદિપણ રાંધીશ નહિ શું રાંધવાનું કામ આપણું છે. નોનસન્સ તોપછી બિચારા ગરીબ બ્રાહ્મણ રસોઇઆ કયાં જશે.

સરસ્વતી—ત્યારે તમારૂં તો કામ આખો દિવસ પુરૂષની સાથે ફરવાનું, તેમની પાસે વેઠ કરાવવી અને પુરૂષ મંડળમાં છડેચોક ફરવાનું હશે કેમ મ્હારા ભાભી સાહેબ! બળ્યો તમારો સુધારો બળ્યું તમારૂં ભણતર, સ્વામીની સેવાને બદલે સ્વામીની પાસે વૈતરૂ કરાવવું ધન્ય છે. ઓ સુધરેલા ભાભી તમને ધન્ય છે. તમારા જેવા સ્ત્રી રત્નો પાકશે એટલે હવે આ હિંદની જલદી ઉન્નતિ થવાની,

અરેરે જે સ્ત્રીઓ સ્વામીની સેવામાંજ પોતાનું જીવન અર્પણ કરતી હતી, જે સ્ત્રીઓ સ્વામીને દેવ તરીકે પુજન કરી કૃતાર્થ થતી હતી, તેજ સ્ત્રીઓ આજે ફેશનના ફંદમાં ચડી. સુધારાના સીખરે ચડી આ આર્યભુમિને કલંકીત કરવા બેઠી છે.

સંગીતા—હવે એ તમારૂં દેમ શાસ્ત્રાર્થ અહિં નહિ ચાલવાનું ગો યુ આવે જંગલી.

સરસ્વતિ—મ્હારા સુધરેલા ભાબી સાહેબ, જંગલી હું કે તમે જે દુનિયાના રિવાજથી ઉલટા ચાલે તેનું નામ જંગલી, તોપછી આપ પોતેજ દુનિયામાં જે સ્ત્રીઓનો ધર્મ છે તેનાથી વિરૂદ્ધ વર્તો છો, તો આપજ જંગલી કહેવાશો સમજ્યા કે

સંગીતા—હા સમજ્યા! બહુ ન બોલો. તમે જરા સુધરો. આ જંગલી રિવાજને બોયકોટ કરો અને તમારી કેળવણીને દીપાવો, જાહેરમાં આવો.

સરસ્વતિ—જો તમારી જેમ અર્ધદગ્ધ ફેશનમાં ઉતરવું તેમાંજ કેળવણીનો સાર સમાયો હોય તો તે કેળવણીને પણ નમસ્કાર છે. જે કેળવણીથી વિનય વિવેક નમ્રતા અને સુશીલતા મળતી હોય તેજ કેળવણી ખરી કેળવણી કહેવાય છે. તમારી જેવી ફેશનેબલ યુવતિઓએજ સંસારનું સત્યાનાશ વાળી નાખ્યું. સ્ત્રીઓના ધર્મને રસાતાળ કરી દીધો. કેળવણીને કલંકિત કરી છે. જુઓ સાંભળો તમારો સુધારો આવોજ કે

(૬)

આજ કાલની નાજુક નારી સુધારે સપડાતીરે—
હરતી ફરતી શરમ ન ધરતી અતિશય તે મલકાતી રે
આછાં વસ્રો પહેરી ચોઢી ભર ચૌટે છલકાતીરે, આજ—
બુટ સ્ટોકીંગ ને પાઉડર ગાલે
વાળે ઝુલ્ફાં ને વળી કપાળે
પર પુરૂષથી મીલન કરીને સુંદરી બહુ મલકા તીરે
સ્વામીને સેવક સમજાણી તુચ્છ ગણી હરખાતી રે આજ—
વિનય વિવેક વિસારી દીધાં
ધર્મ કર્મ ને તો ધતિંગજ માન્યાં

આવો સુધારો ભાભી તમારો તમને મુબારક રહેજોરે
નવ ગજના પ્રણામ હમારા એ સુધારાને હોજોરે

એટલામાં અંદરથી રમણ બોલાવતાં સંગીતા જાય છે.
સરસ્વતી પણ ચાલી જાય છે. પડદો પડે છે.

પ્રવેશ ૩જો

સ્થળ વસંતપુર—શુરવીર સરદાર કેશરીસિંહ—ટાઇમ્સ ઓફ ઈંડીયા વાંચતાં લડાઇના વિચારમાં તલ્લીન થતો હાલના સંસારના અભિમાનીઓ તરફ ધીક્કારની દ્રષ્ટિએ જોતો જનરે પડે છે.

(૧૦)

અભિમાન જગતમાં વધતું
થઈ અંધ ગુમાનીમાં ફરતું..........અભિમાન
ન્યાય અન્યાય જરી ના તપાસે
સત્યાસત્ય ન મનમાં વિમાસે
રહે મદમાંહી તે તરતું..............અભિમાન
કપટી કુટીલતાથી બહુ ફરતા
ઇશ થકી નહિ દીલમાં ડરતાં
અંતે તે નહિ જગમાં ઠરતું.......અભિમાન

ધર્મ ગયો પાતાલમાં વધ્યો અધર્મ અન્યાય
સત્ય ગયું ધુપાધ હા, એ કળીયુગ કહેવાય

દયા રહિ ના દીલમાં અભિમાને ચકચુર
સુધરેલા પણ રાજ્યમાં વધ્યું પાપનું પુર

આહા! આજનો આ એડીટોરીયલ આર્ટીકલ વાંચતાં સમજાય છે કે જર્મનીનો રાજ્ય લોભ નજરે પડે છે. ઓસ્ટ્રીયન રાજ્ય તરફથી અન્યાય અને પક્ષપાતી થઇ રાજ્ય લોભમાં તણાઇ ખરેખર વિગ્રહનું કારણ તેણેજ ઉપસ્થિત કર્યું છે. નિર્દોષ બેલજીયમને સ્વાર્થની ખાતર કચડી નાખવું એ કેટલો બધો અન્યાય, કેટલી બધી મગરૂરી? રાજ્ય લોભની ખાતર અન્યાયી પગલું ભરી નિર્દોષ જનોના પ્રાણ લેવા દગાથી લડાઇ શરૂ કરવી એ હાલના સુધરેલા જમાનામાં હીચકરાપણું નહિ તો બીજું શું ? પરંતુ હજુ દુનીઆમાંથી સત્યાગ્રહીઓનો નાશ નથી થયો ધર્મનો વિનાશ નથી થયો ન્યાયી અને પ્રતાપી બ્રિટીશ સરકાર ન્યાયની ખાતર અનેક જાન માલનો ભોગ આપીને પણ અધર્મી દુશ્મનોને યોગ્ય શાસન આપવા કટીબદ્ધ થએલ છે.

છેવટ સુધી શાંતિ રાખવા અને વિગ્રહ ન ઉભો થાય તેવાં પગલાં બ્રિટીશ સરકારે લીધાં પણ અભિમાનના દોરમાં તણાએલ અન્યાયી અને આપખુદી જર્મનીની નજરમાં ન આવ્યું તે નજ આવ્યું અને કોઇનું નહિ ગણકારતાં લડાઇ જાહેર કરી તેથી મિત્ર રાજ્યો કે જે સુલેહના હિમાયતી હતા તેમણે અભિમાની જર્મનનો મદ ઉતારવા લડાઇના મેદાનમાં ઝંપલાવ્યું.

અહા. આ વખતે આપણા હિંદીવાનોને પોતાની ખરી વફાદારી બતાવવાનો કેવો અમુલ્ય પ્રસંગ પ્રાપ્ત થયો છે. આ હિંદ

બ્રિટીશ પ્રત્યે કેટલી વફાદારી રાખે છે તે બતાવી આપવાનો આ ખરે ખરો પ્રસંગ હોઇ દરેક રજપુત બચ્ચાએ પ્રતાપી બ્રીટીશ સરકારની મદદમાં જઇ પોતાની વફાદારી બતાવવીજ જોઇએ. ઠીક છે હવે શું થાય છે તે જોવાય છે.

(એટલામાં એક સીપાઇ આવીને ખબર આપે છે કે મહારાજા આપને કચેરીમાં બોલાવે છે) જાય છે.

પ્રવેશ ૪ થો.

વસંતપુરના મહારાજા તેજસિંહની રાજ્ય કચેરી
મહારાજા તેજસિંહ પોતાનો દરબાર ભરી લડાઇના વિચારમાં.

દરબારીઓ— ૧૧

જયપામો શીરતાજ અવનીમાં
જનહિતકર મહિપાળ છો—
પ્રજા તણા પ્રતિપાળ છો—
વિજય વાણી સુણી વિશાળી
વૈરી કંપી સહુ જાય છે
ન્યાય તણા અવતાર છો.
સત્યવાદી સરદાર છો.
વિજય પામો દુઃખ વિશમો
પ્રજા તણા ઉદઆર છો.......જય પામો૦

તેજસિંહ—મ્હારા વ્હાલા સામંતો અને દરબારીઓ આજે આપણે એક મહાન ફરજ બજાવવાની આવી છે. અને તે આપણે બજાવવીજ જોઇએ. જે બ્રિટીશ સરકારની શીતળ છાયા તળે આપણે શાંતિ અને સલાહથી આનંદ કરીએ છીએ, જે શહેનશાહના ન્યાયી રાજ્યથી આપણે સર્વ રીતે સુખી છીએ, તે શહેનશાહને આપણે આપણા પ્રાણને ભોગે પણ મદદ કરવી એ આપણી ફરજ છે. માટે તે સંબંધી વીચાર કરવાની આપણે જરૂર છે પ્રતાપી બ્રિટીશ સરકારને માથે લડાઇનું જે વાદળ છવાઇ રહેલું છે, તેમને માથે જે મહાન વિકટ કાર્ય આવી પડયું છે, તેમાં આપણે તન મન અને ધનથી મદદ કરવાની છે- શું આપણે આપણી વફાદારી ન બતાવવી જોઇએ, અલબત બતાવવીજ જોઇએ.

હાલમાં ચાલતી લડાઇ પ્રસંગે આપણે દરેક જાતની મદદ કરવી એ આપણું ખાસ કર્તવ્ય છે. તેથી આજે હે મારા શુભટ શુરા સરદારો તમારે તમારી બહાદુરી બતાવવાનો ખરો પ્રસંગ હાથ આવ્યો છે. માટે તઇયાર થાઓ, આપણાં પુર્વજો લડાઇમાંજ મરાયા છે, લડાઇ એતો આપણું જીવન છે. માટે તમે તમારી ખરી વફાદારી બતાવી સ્વામી પ્રત્યેનો તમારો ધર્મ બજાવવા તઇયાર થાઓ. સરદાર કેસરીસિંહ તમે તમારા દરેક સુભટોને લઇ લડાઇમાં જવા તઇયારે થાઓ. અને છેવટમાં હું તમોને જે કહું તે સાંભળી લ્યો.

" હે રાજ્ય સ્થંભો માહરા, રજપુત સરદારો સહુ
મમ વાત સર્વે સુણજો, જે જે તમોને હું કહું
હે વીરમારા વચન મારૂં, આટલું ઉર ધારજો.
બ્રિટીશ છાયામાં રહી, તમ જીવનને સુધારજો.
નિજ ધર્મને ના હારતાં, કાયર પણું ના ધારતા
પણ કર્તવ્યને કાજ બધું, જંપતા ના જરી કદા
પણ યાદ બધું રાખજો, સહુને ભલે સૌનું ભલું
ના સ્વાર્થ સામું તાકતા, એમાં ન શ્રેયજ આપણું.
છે યોગ્ય એ શુરવીરને, જે રાજ્ય સ્થંભ ગણાય છે.
નવ જંપવું તેવે સમે, ભીડ બંધુને ત્યારે પડે
શું સ્થુલ છે આ કામનું, શું શૌર્ય શી લક્ષ્મી પછી
જ્યારે પીડાએ ભાઇ. જોવું બેસવું આનંદથી.
માટે હવે તો સુભટમ રા, કર્તવ્યને બજાવવા
મરવું ભલે ડરવું નહિ, એ નિયમ ધરજો સર્વદા.
ના સ્વાર્થ વશ જરી થઇ, કાયરપણું દેખાડતા
પણ ન્યાયી બ્રિટીશ કાજ, સ્વાર્પણ કરી રહો વીરમાહારા
છે મરણને વશ સર્વ પણ, ના કાર્ય વશ છે એહને
સુકૃત્યે અમર સદા રહે, સજવુંજ છાજે એજ છે.

કેશરી—આનંદથી હે નાથ, જાશું અમે સહુ હોંશથી.
નવ જરી ઉરે એ લાવતા, રજપુત સુત ડગે જરી
લડશું અમે મરશું અમે, પણ અંત કાળ સુધી અમે
બ્રિટીશ દેશ શત્રુને, રજ રજે જડશું અમે.

તેજસિંહ—

શાબાશ છે રજપુતસૂરા સરદાર શાણા માહરા
બસ આજ આનંદ ઉછળે સહુ રોમરોમે માહરા
કીર્તિ વરો સંગ્રામમાં બ્રિટીશ સાથે હળીમળી
આશીષ છે એ માહરી, ફતેહ થાશે તમતણી,

(નાચ) પડદો પડે છે.

પ્રવેશ ૫ મો

સ્થળ રમણુલાલનું દિવાન ખાનું—સંગિતા સુધારાના વિચારમાં

સંગીતા— ૧૯

હું સુધરેલી નાજુક નારી
ફેશનમાં વખણાઉં
લટકે મટકે ચટકે ચાલી
કંઇક નરને લોભાવું
મફ્ફ પાઉડરને સેંટ લવન્ડર
ચશ્મા નાક ચડાવી
સુધારાની છે બલીહારી
હું સુધરેલી નારી........

ગઇ કાલે મીટીંગમાં જતાં પેલી પારસણે જે સાડી પહેરી હતી તે કેવી મજાની હતી, વાહ વાહ તેવાજ રંગની લાવવા માટે મે મી. રમણુલાલને મોકલ્યા છે. આવે એટલે પછી બસ જોઇ લ્યો મારો ઠાઠ અને ભપકો.

સુશીલા—કેમ સંગીતા શાનો ઠાઠ ને ભપકો, રમણ ક્યાં છે આ તમારા સાસરા તો બહુ માંદા થઇ ગયા છે. તેને તમારાથી જોવા પણ નથી અવાતું? વાહ મારા ઘરની કુળ વંધુ વાહ

સંગીતા—અરે ડોકરી, જો મને પજવી છે તો પછી જોઇ લેજે મજા માંદા હોય કે મરે તેમાં આપણે શું–

સુશીલા—હા તેમાં તમારે શું. (એટલામાં રમણ આવી ને)

રમણ—શું છે ગડબડ શી માંડી છે, કેમ માયડીયર? (ડોશી ચાલી જાય છે.)

સંગીતા—નહિ મને નહિ બોલાવશો આ ડોકરી તો મારું માથું પકાવી દે છે, બસ મારો સુધારો તમને નહોતો ગમતો તો પછી મને પરણ્યા શામાટે. બસ હું હવે આ ઘરમાં બીલકુલ નથી રહેવાની

રમણ—પણ છે શું.

સંગીતા—હું તમારી માને બીલકુલ ગમતી નથી. તેથી હવે મારે અત્રે રહીને શું કામ છે એં—એં—એં—

રમણ—છાની રહે હમણાંજ હું એ ડોશીનો ધાર ઘડું છું. ઓ યુ જંગલી ડોકરી. જો પણ તારે માટે આ સાડી લાવ્યો છું મારવાડીને ત્યાંથી રૂપિઆ લાવીને પણ આ સાડી તારે માટે લાવ્યો છું. કેમ માઇડીયર ?

સંગીતા—(સાડી જોઈને) ઓ યસ માયડીયર આઇ થેંક્યુ બસ હવે તો

૧૩

હરશું ને ફરશું આનંદે વ્હાલાજી હવે સંગાથમાં
ડરશું ના ધરશું ના લોક લજ્જા હવે પ્યારા આ પોશાકમાં
વાહ વા શાણી સલુણી સુંદરી સુજાણ.
વાહ વા લ્હાણુ લેશું સુધારાની પ્રાણુ
અકકડ ને ફકકડ રહેવું હવે તો વ્યવહારમાં
છે પરવા કોની બસ આ સંસારમાં
વેલ માઇડીયર
યસ યસ માઇડીયર
આવો રસીલા બસ લ્હાવો લેવરાવું ધાલી બાથમાં

હરશું.

જાય છે.

પ્રવેશ ૬ ઠો

સ્થળ બગીચો—સુરમાળા સરદાર કેશરીસિંહને મળવા માટેની આતુરતા. સાહેલીયોનું આવવું. નિદોંષ મશ્કરી કરી કેશરીસીંહનું આવવું અને પ્રેમપ્રણય વિહાર

સુરમાળા— ૧૪

કોયલડી કાં તું સતાવે
ટહુકારે મનડું મુંઝવે રીઝાવે લોભાવે,
વિરહીણુ હું રતિપતિ વીના મદન અગનથી જળાવે

આમ્ર ડાળીએ કલરવ કરતી સ્વાર્થી દયા નહિ આવે
રસની ઉલ્લાસી પ્રેમની પ્યાસી સુરતી સમર સ્મરાવે
કોયલડી

સખીઓ આવે છે.

૧ સખી—હા બ્હેન સુરતીસ્મર સ્મરાવે કેમ બસ આખો દિવસ એજ રટના ને.

૨ સખી—વાહરે શાણી આતો બસ.

ભોગી ભ્રમરને ભેટવા ઝંખે છે દિનરાત
વાર થતાં વિમાસતી સાધીને એકાંત

૩સખી—વ્હાટ જોતી વ્હાલમ તણી સાધીને એકાંત
વાત બીજી ગમતી નથી વ્હાલા વિણુ દિનરાત

૪સખી—પણ બ્હેન આ મનહર મુખડું આમ શોકાતુર કેમ થઇ ગયું? વિલાસી આમ ઉદાસી કેમ, કહેતો ખરી

સખીઓ— ૧૫

શોકાતુર આ મનહર સુરતી કેમ દિસે અલબેલી
હાંરે બ્હેની બની તું મદઘેલી

સુર—અકળાવો ના અબળા બીચારી
મન મારૂં મુંઝાય
અરે મારૂં ચીતડું ચરરર થાય

સખીઓ—છુપા છુપા તુંજ ભાવ ન જણાઓ

ઉંડી ઉંડી કંઇ કંઇ હુરખાએ
હાંરે સખી અમથી તું ના છુપાવ
ત્હારે હૃઇડે આનંદ ઉભરાય
સુર—છેડ કરો ના બ્હેની મ્હારી
વાગી વિરહુની કટારી............શોકાતુર
બ્હેન હવે એ ટાયલા જવા દો અને આ ખીલેલી વસંત ની શોભા નિહાળો. આહા આ વેલી પેલા વૃક્ષને કેવી વીંટાઇ રહી છે ?

૧ સખી—હા બ્હેન હા પણ અલી જોતો ખરી
જોજો બ્હેની આયુગ્મ અભિરામ
આનંદ કરતુ કેવું આવે આમ
બેસી સાથ શું કેલી કરે
આનંદે ઉર ઉરને ભરે
૨જી સખી—જો બ્હેની આ સારસ નેક
હરે ફરે સાથે એક મેક
ઘડી વિખુટા એ ના રહે
સ્વર્ગ સુખ સંગાથે લહે
સુરબાળા—ચીંચીં કરતી આ ચકલી ફરે છે
ડાળે ડાળે જો ચપળા સરે છે
પેલી હંસી જો કેવી છુપાયે
વિહવળ હંસો પુંઠે ધાયે

હા પ્રિયતમ પ્રાણને મળવાને આ મારૂં મન કેવું વિહ્વળ બન્યું છે. (એટલામા દુરથી કેશરીસિંહને આવતા જોઇ હર્ષઘેલી સખીને કહેવા લાગી કેઃ—

સુરબાળા—આવે અલબેલા પેલા સખી મારા કંથ જો તું
ચાલ કેવી ચાલે મન મોદ ઉપજાવતી
મન માંહી ચાહે મારી પ્રિયાને હું મળું વ્હેલા
વિયોગ વ્યથાથી તેની ઉતાવળી છે ગતી
કોણ જાણે કામણ કર્યું છે મને એણે કેવું
ગોઠે નહિ એના વિના મને તો આવાસમાં
ભારતીનો ભક્ત જગત નિહાળેના નજરથી
સવિતા સમાન તેજ શરીરે સુહાય જો
મળે ઝટ આવી મને અભિલાષ એવો ધરૂં
કયારે વરૂં એવી ઇચ્છા અંતરમાં થાય છે.

સખી—હા બ્હેન કેવી તેની ચાલવાની છટા કેવો તેનો લશ્કરી ડરેસ લ્યો હવે તો આ...... ..આવ્યા......કેશરીસિંહ આવે છે) સુરબાળા શરમાઇ જાય છે.

સખીઓ— ૧૬

અલી સખી શરમાઇ ગઇ તું શાને
હતી આતુર મોહન મળવાને
મન ઘણું મળવાને દોડે
પણ અમથી તું છુપાવે

જઇશું હવે અમે સહુ બેની
જાં જઇ ભેટ તું ભાવે— અલી૦
(મને મેલીને તમે શું જાશો)
(હા તેથીજ તમે હરખાશો)
હવે મુક ચતુરાઇ તું તારી
અમે જઇએ છીએ બેની મારી

(જાય છે)

કેશરીસિંહ—કેમ ગભરાઇ ગયા કે શું? આવો હવે ના શરમાવો.

સુરબાળા— ૧૭

આઘા રહો અલબેલડારે
જાણું જીવન મેલા............હાંહાંરે જાણું૦
સ્નેહ ભુખ્યા તરસ્યા અમે
તરસાવો ઠાલા હાંહાંરે તરસાવો
વાયદો આપી વખત વીતાવો
પછી બાનાં શું ખોટાં બતાવો
જાવો જાવો દૂર થાવો છેલડારે
છોડો પાલવ મારો હાંહાંરે આવો—

કેશરી—રીસ તજો રસ વેલડારે
આવો ઉર હર ખાવો હાંહારે—

સુરબાળા—આપેલ વચનને નિભાવતાં કેમ આટલી વાર લાગી? શું

વચન આપી વાયદાસર ન આવો તો તમે અમારા ગુન્હેગાર ખરા કે નહિ. નિશાળમાં જતાં છોકરાંઓ જો વખતસર ન જાય તો માસ્તર શિક્ષા કરે છે સમજ્યાને ?

કેશરી—આ કાંઇ નિશાળ નથી કે વખતસર આવવું પડે.

સુરબાળા—આતો મોટી પ્રેમની નિશાળ છે પ્રેમની સમજ્યા.

કેશરી—શું પ્રેમની નિશાળ છે! ત્યારે માસ્તર કોણ વિદ્યાર્થી કોણ આમાં તો મને કંઇ સમજ ન પડી.

સુરબાળા—તો સમજો હું માસ્તર અને તમે મારા વિદ્યાર્થી.

કેશરી—વાહ વાહ એમકે ? તમે મારા ગુરૂ અને હું તમારો ચેલો.

સુરબાળા—હાં

આવોને પ્રેમના પ્યાસી હમારી પ્રેમ નિશાળે
ભણોને પ્રેમની પોથી હમારી પ્રેમ નિશાળે
ગુરૂ છે પ્રેમના પંથી ભણાવે પ્રેમના પાઠો
શીખોને પ્રેમના સુત્રો હમારી પ્રેમ નિશાળે—

સમજ્યા મારા ચતુર પ્રેમી ચેલા કહો હવે તમે અમારા ગુન્હેગાર ખરા કે નહિ.

કેશરી—નહિ બીલકુલ નહિ. ગુન્હેગાર શું ને વાત શું, ગુન્હેગાર તો તમે છો કે આ ભોળા યુવકને પ્રેમ ગ્રંથીએ વગર ગુન્હાએ બાંધી લીધો છે સમજ્યાને ?

સુરબાળા—ગુન્હેગારી અમારી ના
ગુન્હેગારી તમારી છે

સુણો ના દાદ કે ફરીયાદ
તો ગુન્હેગારી તમારી છે

કેશરી— કીધો વશ પ્રેમથી બાળા
અને હાજર સદાએ છું
પુરાયો પ્રેમ પીંજરમાં
છતાં ગુન્હેગારી હમારી છે

સુરબાળા હા હા ગુન્હેગારી તમારી છે.

કેશરી—બાળા! હવે એ ઝીક છોડી દો કારણ કે મારાથી વધારે વખત અત્રે રોકાવાય તેમ નથી. આજથી એક મહાન ફરજ મારે બજાવવાની આવી છે તેથી મારે બહાર જવાનું થશે માટે લાચાર છું.

સુરબાળા—વ્હાલા જ્યારે આવો ત્યારે જવાનીજ વાત, એવું તે શું કાર્ય છે. જો એમ હતું તો આ વખતે આવવાની શું જરૂર હતી. અમે અમારૂં ભોગવી લેત જ્યારે આવો ત્યારે બસ જવું છે જવું છે આ કેમ ખમાય.

વિચારો વાતથી વ્હાલા
પીડા અમ ઉરની જાણો
કરી પ્રીત છેહ ના દેશો
જવાની વાત ના છેડો.
જશો જો નાથ છોડીને
દઈશ હું પ્રાણ આ મારો
જીવન તમ આશથી જીવું
સ્વીકારી સાથ લઇ ચાલો.

કેશરી— તજી દે શોક ને ચીંતા
સુણી લે વાત તું મારી
ફરજ મુજ શીર છે ભારી
જવા વીણુ ના બીજી બારી
મચ્યું છે યુદ્ધ યુરોપે
બ્રિટીશ જર્મન વચ્ચે ભારી
થયો હુકમ જવાનો ત્યાં
બતાવવા હિંદ વફાદારી

સુરબાળા—શું તમે લડાઇમાં જવાના છો ? ત્યારે મારી શું સ્થિતિ? વીરહીણી બાળા વિયોગમાં ઝુરી ઝુરીને મરવાની. આ શાની જીવન વેલડી નિરાશાના કુપમાં પડવાની. ના...નાથ! તમને નહિ જવા દઉં. આવો આવો મારા મહેલમાં તમને છુપાવીને રાખીશ. મારા જીવન આધાર તમારી સેવા કરીશ તમે કહેશો તેમ કરીશ પણ તમને નહિ જવા દઉં આવો આવો.

કેશરી—છટ

બોલે શું બોલ તું આવા
થઇ રજપુતની બાળા
સિંહણુ થઇ બોલ બીરૂના
અરે શું બોલતી બાળા

મને લાગે છે કે તું શુદ્ધ ક્ષત્રીબાળા નથી. ખરી ક્ષત્રાણીઓ યુદ્ધમાં જવાની કદિપણ ના પાડશેજ નહિ તે તો ઉલટી શુરાતન બતાવી ખરા રજપુતોને ખરૂં શુરાતન ચડાવે છે. શું પુર્વે થઇ ગએલી ક્ષત્રાણીઓના ઇતિહાસ તેં નથી વાંચ્યા, પોતાના એકના એક નવ વિવાહિત પુત્રને અને પોતાના સૌભાગ્યના સ્વામીને યુદ્ધમાં જવા ઉપદેશ આપતી ક્ષત્રાણીઓની વાત નથી સાંભળી ?

સુરબાળા—વાંચ્યું છે? સાંભળ્યું છે? પરંતુ પ્રેમને વશ થઇને આ બધું બોલાયું છે તો નાથ ક્ષમા કરશો પણ હું પુછું છું કે પુર્વે ક્ષત્રાણીઓ યુદ્ધમાં ઉતરી હતી કે નહિ.

કેશરી—હા ઘણી ક્ષત્રાણીઓ કેશરીઆં કરી રણમાં કુદી હતી અને શતરૂઓને હંફાવ્યા હતા.

સુર—તો શું? હું ક્ષત્રીબાળા તમારી સાથે આવવાને લાયક નથી? શું હું મ્હારી વફાદારી નહિ બતાવું જે બ્રિટીશના ન્યાયી રાજ્યથી અમારી સ્ત્રી જાતિને યોગ્ય ન્યાય મળ્યો છે જે બ્રિટીશના નેક રાજ્યથી અમારી અજ્ઞાન અને અણુઘડ સ્ત્રી જાતિ કેળવણીના ચળકતા પ્રકાશમાં આવી પોતાનું કર્તવ્ય બજાવતાં શીખી છે અરે એટલુંજ નહિ પણ જે રાજ્યના પ્રતાપે અમે આજ સ્વતંત્ર સુખો ભોગવીએ છીએ તે રાજ્યને સંકટ વખતે મદદ કરવામાં જો અમે ગફલતી કરીએ તો અમારા જેવી તઘ્નીઓ કોણ! માટે મને પણ સાથે લ્યો. હું ક્ષત્રાણી છું. યુદ્ધકળા જાણું છું તો જરૂર આપને મદદગાર થઇશ.

કેશરી—બાળા હજુ આપણા લગ્ન થયા નથી? તો તે વાત શીરીતે બને આ લડાઇ એવા પ્રકારની છે કે ત્યાં સ્ત્રીઓનું તો કામજ નહિ માટે તમે અહિં રહી તમારી વફાદારી બજાવો લડાઇના ફંડો ખોલો લોકને બ્રિટીશ પ્રત્યેની ખરી રાજ્ય ભક્તિ શીખવો આવા આવા બીજા ઘણા કામો છે તે તમે બજાવો. ઠીક છે સમય ઘણો થયો છે માટે હું રજા લઇશ કારણ કે મારે હજુ બધી તઇયારી કરવાની બાકી છે.

સુખબાળા—સુખેથી સિધાવો અને કીર્તિની વિજય માળા વરી વહેલા વહેલા પધારી આ દાસીને દર્શન દેજો.

૧૮

શુકન જોઇને સંચરજો
વિજય કરી વ્હાલમ વહેલા વળજ્યો
સ્નેહિ સ્નેહ હૃદયમાં ધરજ્યો
આવી દાસીને વ્હેલા મળજ્યો
વફાદાર બ્રિટીશના કહેવાજો
બહાદુર થઇ શત્રુને સંહારજો
વિજય માળા લ્યો આ સ્વીકારો
વફાદાર થઇ કીર્તિ વધારો............શુકન

પ્રવેશ ૭મો—સ્થળ રસ્તો. લડાઇને લીધે કેટલીક કંપનીઓનો વહેવાર બંધ થવાથી નોકરોને રજા આપવાથી ચીંતાતુર નોકરો વહેપારીઓ વિગેરે લડાઇ સંબંધી વિચારમાં.

કપુરચંદ—કેમ, પરસોતમ શેઠ શા વિચારમાં ફરો છો કઇ તરફ ચાલ્યા.

પરસોતમ—કોણ કપુરચંદ શેઠ. આવો આવો આ જુવોને લડાઇની મ્હોકાંણ. આ પાડા વઢે તેમાં ઝાડનો ખો થાય. નાણાની વાત આવી શેઠ. આ જુવોને પેલી જોનસન એન્ડ કુંપની બંધ થઇ આ...આપણે તેની ખરીદ કરતાં અને બે પૈસા કમાતા લેણુ દેણુ પણ રહેતી શું કરીએ શેઠ? આવો લલ્લુભાઇ ચાલ્યા આવો આવો શેઠ આવોને એમ કાંઇ દોડા કરવાથી નહિ વળે. સમજ્યાને ધીરજનાં ફળ મીઠાં છે હાવે કેમ કપુરચંદ શેઠ બોલતા નથી.

લલ્લુભાઈ—હા. ભાઇ હા. તમારે મશ્કરીમાં જાય છે પણ આ અમારા ગ્રાહક બધા લડાઇમાં ઉપડયા તેથી અમારે તો નાહી બેસવાનું થશે. આ આપણે તેને ધીરતા હતા અને તેમાંથી પાંચ પૈસા પેદા કરતા હતા આતો કમાણીએ જશે અને મુડીએ જશે આ લડાઇ તો જબરી હો ભાઇ પાંડવ કૌરવનું પણ આવું યુદ્ધ નહોતું થયું જર્મની એકલું અને આપણા સરકાર સાથે કેટલા બધા રાજ્ય છે, તેમાં એ બિચારૂં જર્મનીયું શું ફાવવાનું હતું... .....

એટલામાં બે ચાર નોકરો કે જેને રજા મળી છે તે આવ્યા.

પ્રાણશંકર—કેમ ભાઇ હરીશંકર ખુશીનો ખબરને

હરીશંકર—હા ભાઇ ખુશીનો શું પણ બેસવાને ખુરશી પણ ગઇ. હવે શું કરવું નોકરીમાં ચાલીશ કમાતા હતા તેમાં આઠ જણ ખાનારા હવે કરવું શું—

એટલામાં રમણુલાલ જે કુંપનીનો હેડકલાર્ક હતો તે આવે છે.

હરીશંકર—કેમ રમણુભાઇ તમારી કંપની તો ઉપડીજ ગઇ. માણું પણુ તે કોની કંપની હતી તેજ અત્યાર સુધી અંધારામાં રહ્યું આ એક અજાયબી છેને—કેમ શેઠ હવે તમે શું ધાર્યું આ કોટ પાટલુનના ખર્ચ હવે ક્યાંથી કાઢવા.

મારવાડી—(આવને) કેમ રમણ શેઠ આપણા રૂપિઆ લાવો અમારે દેશમાં જાવું છે. માટે ઘડી પણુ નહિ ચાલે

રમણુ—ધીરજ રાખો ગોમાજી શેઠ હમણા તમે જુવો છોને પછી આપીશું દેશમાં જઇ આવો.

માવરાડી—ના–એ નહિ ચાલે હોવે નહિતો હમણા ફર્યાદી કરીશ હા

રમણુ—અરેરે મારવોડીના વ્યાજે રૂા. લઇ ખુબ મોજ ઉડાવી પણુ આ નોકરી જતાં હવે શું કરશું દેવું ક્યાંથી આપવું બાપ પણુ આપે તેમ નથી ઠીક છે. સંગીના પાસેથી કઢાવીશું ઠીક છે ગોમાજી શેઠ કાલે મને મળજો

અરે લડાઇ લડાઇતું શું કરવા બેઠી છે, અરે ભાઇઓ શું થશે.

બધાં:— ૧૯

લડાઇ જાગી ભાઈ લડાઇ જાગી
હાક તેની દેશ વિદેશ વાગી
વહેપાર મંદા થયા સહુ મોટા
નાણા તણા પણુ પડયા ત્રોટા

નોકરો—દોડી નોકરને મળવા લાગી
હાય તેની હૃદયમાં વાગી
મોંઘવારી સહુ માલની થાતી
ધડક ધડક હવે થાય છે છાતી.—લડાઇ

જાય છે

પ્રવેશ ૮ મો

સ્થળ લશ્કરી ઉતારો સરદાર કેશરીસિંહ અને બહાદુર સિપાઇઓ લડાઇમાં જવાની તૈયારી. કેશરીસિંહનો ઉપદેશ.

કેશરીસિંહ ૨૦

ઝટપટ જાવું જંગ મચાવું કાયર ત્યાં નવ થાવું
ક્ષત્રી બચ્ચાં રણમાં સચ્ચા એ કહેવત બતલાવું
આલો મારા, યોદ્ધા સારા બહાદૂરી બતલાવો
વફાદાર થઇ ન્યાય બ્રિટીશના રણમાંહિ ઝપલાવો
યા હોમ કરી પડો આગે
ડંકા વિજયના વાગે

મારા વ્હાલા સામંતો આજે આપણે લડાઇના મેદાનમાં જવાનો જે અપૂર્વ અવસર પ્રાપ્ત થયો છે તેને માટે આપણે મગરૂર થવાનું છે. રાજાનો જય પરાજય પોતાના બહાદૂર સરદારોના હાથમાંજ રહેલો છે તો આપણે આજ સુધી જે મહારાજાનું લુણ પાણી ખાધું છે તે મહારાજાની બ્રિટીશ સરકારમાં કેમ કીર્તિ વધે

તે તરફજ લક્ષ્ય આપી આપણે તનમનથી આપણી બહાદુરી બતાવવાની છે. સાંભળો—

બ્રિટીશ કેરા રાજ્યથી સુખી છીએ સહુ આપણે
એ ન્યાયીના પ્રતાપથી નહિ દુઃખ છે કંઇ આપણે,
જેની શીતળ છાયા સદા પ્રસરી રહી આ હિંદમાં,
તે કાજ એ સમશેર લઇ બહાદુર પડો મેદાનમાં.
રણભૂમિ છે રજપુતની સાચી જનેતા સર્વદા
ત્યાં મરણ કદિ જો નીપજે તો પામીએ સ્વર્ગ સંપદા
શુદ્ધ ક્ષત્રી કેરા બાળકો મરતા સદા રણક્ષેત્રમાં
રણથી બીકણુ જે બાયલા તે પથ્થર સમ આ વિશ્વમાં.

સિપાઇઓ—સમશેર અમ તૈયાર છે શત્રુને સંહારવા,
આ રક્ત અમ ઉછળી રહ્યું વફાદારી બતલાવવા
બ્રિટીશ કેરા કાર્ય માટે શરીર આ તૈયાર છે
એમ શાહનશાહી તાજ કાજે આ પ્રાણ પણ હુશીયાર છે

કેશરી— શાબાશ મારા સામંતો ધ્યેય થાવું એમ છે
થાશે વિજય બ્રિટીશનો એ સત્યતાનો નેમ છે.
એટલામાં એક સિપાઇ આવી કચેરીમાં સહુને બોલાવે છે
તેથી બધાનું કચેરીમાં જવું.

જાય છે પડદો પડે છે.

પ્રવેશ ૯ મો.

મહારાજા તેજસિંહની કચેરી—આજે કેશરીસિંહ વિગેરે સરદારો લડાઇમાં જતા હોવાથી તેને વિદાયગીરીનું માન...

સુરબાળાનો ગરબો અને પ્રભુ પ્રાર્થના

એક પછી એક સહુનું આવવું, નાગરીકો તેમજ બીજા અમલદારો, રાજકુંવરી સુરબાળા વિગેરે.

કંચનીઓનો નાચ   ૨૧

આવો આવો સાહેલી સહુ પ્રેમ ભરી
પ્રેમ ભરીરે સહુ હોસ ધરી...............આવો૦
સુરા સરદાર સહુ આજ ભલા
જાય બ્રિટીશ વફાદાર થવા
ફુલડે વધાવો સહુ હર્ષ ઉર ઉભરાવો બેની
આવો. ગાવો. ગુણ પ્રેમધરી ....આવો૦

(નાચ.)

સુરબાળા—પિતાજી આપની રજા હોય તો અમે એક ગરબો જોડયો છે. તે ગાઇ સંભળાવીએ.

તેજસિંહ—ખુશીથી ગાઓ.

સુરબાળા તથા સાહેલીઓ—

(ગરબો) ૨૨

ઉઠો-ઉઠો-વીર સહુ હિંદનારે થાવો શુરા હુશીયાર
ચલાવો હથીઆર બ્રિટીશ રણ યુદ્ધ જાગીયું—
આર્ય ગૌરવ ખુબ દાખવોરે લડી શત્રુની સાથ
ભીડી હૈયામાં હામ...........બ્રિટીશ૦

ઢોલ શરણાઇ બહુ વાગતારે વળી પડઘમના શોર
યુરોપી યોદ્ધા ઝુઝીઆ બતલાવે બહુ જોર (૨)
ગોળા ફેંકે ગગન ગાજતુંરે ખેલે વિમાની ખેલ
રણભુમિને ગરજાવતા ચાલી લોહીની રેલ

બ્રિટીશ રણ યુદ્ધ જાગીયું—

થાય તડાકા તોપનારે ઉઠો ક્ષત્રીના તન
બહાદુરી બતાવો યુરોપમાં જગાવી મોટો જગન....બ્રિટીશ૦
શીખ રજપુત વળી ગુરખારે કરો કેશરીયા રંગ
જુવો પૂર્વજોના ઉમંગનેરે જેણે રાખ્યો છે રંગ....બ્રિટીશ

તેજસિંહ—શાબાશ પુત્રી શાબાશ ત્હારી આવી ભાવના અને ક્ષત્રાણી તેજ જોઇ મને આનંદ થાય છે. મ્હારા બહાલા સરદારો અને સામતો તમારે આજેજ અત્રેથી જવાનું હોઇ તમારા માનમાંજ આ સભા ભરવામાં આવી છે. છેવટે તમને મારે એટલું કહેવાનું છે કે તમારી માતાની કુખને કલંકિત ન કરશો. પ્રતાપી બ્રિટીશ માટે જરા પગ પાછા ન પડતાં માથું મુકીને કાર્ય કરજો એવી મારી છેવટની ભલામણ છે તમારા બાળ બચ્ચાની ફીકર કરશો નહિ તેની રાજ્ય તરફથી ખબર લેવામાં આવશે. આવો સરદાર કેશરીસિંહ તમને રાજ્ય તરફથી તિલક કરે. બ્હેન સુર આવ ત્હારા હાથથી સરદારને તિલક કરી આ વિજયમાળા પહેરાવ (સુરમાળા તિલક કરી ફુલનો હાર પહેરાવેછે.) (GOD SAVE THE KING)

અંક ૧લો સમાપ્ત.

અંક ૨જો.

પ્રવેશ ૧લો

સ્થળ સુર્યપુર રાજ્ય મહેલના બગીચામાં કલ્યાણસિંહના કુંવર અજીતસિંહની નવવિવાહીત પત્નિ વીરબાળા અને સાહેલીઓનું ભારત જયકિર્તન અને વિનોદ વિહાર પાછળથી અજીતસિંહનું આવવું. પ્રેમી જોડાંનો પ્રેમ વિનોદ.

૨૩

વીરબાળા અને સાહેલીઓ—

આવોની બ્હેનીઓ! આ પ્રિય ભુમિનું
પુજન સહુ મળીને કરીએ
ઉત્તમ અખંડિત વીર ભુમીનું
મંગળ જય કિર્તન કરીએ
શ્વેત શીખરધર હિમગિરીવરના
મનહર દર્શન વર્ણવીએ
વિમળ સલિલવતી અવિચળ કુળવતી
ગંગ સરિતાના ગુણ ગણીએ
રંગ ગંજની રમણીક સ્થળની
શોભા દદી ના વીસરીએ........આવોની૦

કૃષ્ણને વળી રામ પ્રતાપી
મહાવીર દેવનું સ્તવન કરીએ
અશોકને પૃથુરાજ પ્રતાપી
અકબરશાહને અંતર ધરીએ
વિકટોરીઆ: જનહિત રક્ષકને
દ્રૌપદી સીતા દિલ ધરીએ
આર્ય ભુમિ તવ નામ અમે.ને
અદભુત આનંદથી ભરજો
પ્રેમ શૌર્ય સુખ સંપ સતત તવ
પુત્ર હૃદય અવિચળ ઠરજો
બ્રિટીશની શુભ સ્હાયથી જગમાં
વિજય વાવટો તવ ઉડજો.......આવોની૦

વીરબાળા—આવો બ્હેનો આ બગીચામાં ખીલેલી લતાઓ અને ફુલડાંઓ નિહાળી કુદરતની લીલાનો અનુભવ કરીએ.

૧ સખી—હા. બા. હા. પણ આ તમારા કોમળ ગુલાબી ગાલ આમ લાલ કેમ થઇ ગયા.

૨ સખી—જો જો સખી આ વેણી ચુંથાઇ
વાળલટા પણ છે વિખરાઇ
વ્યથિત સમ આ અંગ જણાતું
શ્વાસો શ્વાસથી સહુએ જણાતું

વીરબાળા—નાના એ તો—

ઠાકોર સેવા કરવા ઉછરંગે
ગઇ લેવા કંઇ પુષ્પ ઉમંગે
આવ્યો ભ્રમર સતાવી મુજને
શી કહું બ્હેની એ વ્યથા તુજને
બહુ ગભરાઇ અતિ અકુળાઇ
અહિં તહિં દોડી શ્વાસે ભરાઇ
પવન પણ સામે પડયો મારી
ગઇ કેશલટા વિખરાઇ જો મારી
દેખી વેણી ભ્રમર ભરાયો
સુગંધ લેવા બન્યો હરાયો
હું પણ હારી બેઠી મુંઝાઇ
તેથી સખી આ વેણી ગુંથાઇ

૨ સખી—અરે વાહરે તમારી ચતુરાઇ

સખીઓ— ૨૪

રસીલા રંગ જંગે રમેલી તું જણાએ
ભીંજી અનંગ રંગે તે અલી ના છુપાએ

વીર— ઠાલી ભુલી મુગ્ધ બાળા શું ગભરાવો
શરમાવો ના સાહેલી દુર થાઓ

સખીઓ—**જાણી** બાઇ જાણી તારી એ ચતુરાઇ

જોને કસ કંચુકીની તુટી જણુઇ
રીઝ્યો છે રસીઓ અનંગે........રસીલી૦
ગાલે સ્તાશ આ શાની જણાયે

વીર—લાલે ઉડાડયો ગુલાલ દેખાયે
અલી બ્હાવરી બનેલી શ્વાસો શ્વાસે ભરેલી
ઢીલી ઢીલી અલી તું શાને જણાએ.......રસીલી૦

વીર—હવે આ ચાળા મુકો જો તો ખરી હજુ એ કેમ નહિ આવ્યા.

૧ સખી—એ તે વળી કોણ.

વીર—એજતો.

૨ સખી—એજતો. એ વળી શું

૩ સખી—હવે કહી દે ને કે પ્રિયતમ.

વીર—આમ મશ્કરી શામાટે કરો છો. જાઓ જાઓ.

સખી—જુઓ બા. સામેથી એજ આવતા જણાય છે હ્યો ત્યારે અમે હવે રજા લઇશું. જાય છે.

વીરબાળા શરમાઇને ઉભી રહે છે.

અજીત—ઓ હો આતો રીસાઇ ગયા કે શું? આવો, આવો, રસીલીના રીસાવો. બોલો.

બોલો બોલો રસીક રમણી રંગ જંગે રમાડું
ડોલો ડોલો પ્રણય તૃષિતા સ્નેહ વારી પીવાડું

તોલો તોલો વિનય ભરથી સ્નેહમાંહીજ રાચું
ખોલો ખોલો હૃદય પટને લેખ હું આજ વાંચું
વ્હાલી ત્હારા પ્રેમથી તો એકદમ આકાર્ષાઇને આવ્યો છું.

વીર—જાઓ મ્હને નહિ બોલાવશો. નકામા ના સતાવશો.
પડી આધાર તમારે હું સતાવો નાથ ના અમને
મુંઝાઇ વિરહે હું તો દયા ના દિલમાં તમને
પિયુ પિયુ રટુ પ્યાર લઈ મુજ હાથમાં માળા
હતી જો પ્રિત બીજાથી તો ફસાવી શીદને બાળા

અજીત—આ જગતમાં કદી મીનની શું પ્રીતિ જળ વીણ જોઇ છે.
પતંગીયાએ દિપ વીણુ શું કોઇમાં પ્રીતિ પ્રોઇ છે.
સીતા વીના શ્રીરામના પ્રીતિનું પાત્ર શું કોઈ છે.
તો જાણજે પ્રિય તુંજ વીના વૃતિન અન્ય મોહિ છે

વીર—નાથ ત્યારે આટલો બધો વખત કયાં રોકાયા હતા.

અજીત—પિતાજી પાસે જરા કાર્ય હતું તેથી બેઠો હતો શું અમે તમને બધી હાજરી આપવા બંધાયા છીએ.

વીર—અલબત તમારી હું અર્ધાંગના છું તેથી મારે પુછવાનો અધિકાર છે, અને તમે મારી સાથે બંધાયા છો.

અજીત—શું હું તમારી સાથે બંધાયો છું ત્યારે તો તમે જેમ કહેશો તેમજ અમારે કરવું પડશે કેમ. એમ તો બીલકુલ નહિ બને અમે તો અમારી મરજી મુજબ વર્તવાના.

વીરબાળા—તો હું તમને બાંધી રાખીશ.

અજીત—એમકે. વારૂ કેવી રીતે બાંધશો.

વીરબાળા—(સુતરનો દોરો બાંધીને) જુવો આમ બાંધીશ.
લ્યો હવે છોડો.

૨૫

જાશો કયાં ન્હાસી વ્હાલા
હવે બંધાયા પુરા
બંધન એ છોડો છોગાળા
છો રાજપુત્ર શુરા
છે તાર સુતરના કાચા
તોડો તો જાણું હું સાચા........જાશો૦

અજીત—પ્રેમ ગ્રંથીએ ગુંથ્યું એ તો નહિ કોથી છોડાય
કઠોર કાષ્ટને ભેદે ભમરો પણ કમળથી તે બીડાય

વીર—કેમ હવે જાશો છટકી છોગાળા........જાશો૦

અજીત—વાહ ચતુરો વાહ હવે આ બંધન છોડ પ્યારી ત્હારા
પ્રેમ પીંજરમાં હું સદાને માટે પુરાએલોજ છું. પણ હવે—

અજીત— ૨૬

આવો મનહારી પ્યારી
અનંગ રંગ ખેલીએ (૨)
મદન વસંત વેલી

કરીએ કોકીલા કેલી
અગન બુઝાવીએ (૨)

વીર—કરી બાળા બિચારી
મોહન મંત્રને મારી
આલીંગન દીજીએ (૨)

અજીત—બ્હાર જોબનની ન્યારી
ખીલી શું કોમળ કયારી
યોવન ઝુલામાં ઝુલીએ (૨)

વીર—હું સ્વામી મુગ્ધ બાળા
કરો શું આમ ચાળા
શાણી ના શરમાઇએ (૨)

જાય છે.

પ્રવેશ ૨ જો

રાજા કલ્યાણસિંહ લડાઇના વિચારમાં

કલ્યાણસિંહ— ૨૭

સ્વાર્થ તણી બાજી જર્મને બીછાવી
યુદ્ધ હોળી યુરોપમાં જગાવી
કહો કેમ જાશે અન્યાયે તે ફાવી.......સ્વાર્થ૦

અભિમાને ચડીને કરે તે પોકાર
પણ પડેના પાસા તેના પોબાર
જયાં મિત્ર રાજયોએ તૈયારી ચલાવી.......સ્વાર્થ૦

હાર્યો જુગારી બમણું રમે છે
જીતીશ જીતીશ કરતો ભમે છે
પણ પરિણામે ન ફાવે અન્યાયી.......સ્વાર્થ૦

જયાં અન્યાય અસત્ય, અને કાવાદાવા ભરેલા હોય છે ત્યાં જય વિજય મળવો મુશ્કેલ છે, જર્મનકયસર કેટલો ઘાતકી અન્યાયી અને અભિમાની છે તે અત્યાર સુધીના તેના યુદ્ધ દરમ્યાન આપણે જોઇ શકયા છીએ ત્યારે બહાદુર બ્રિટીશો સત્યવાદી અને ન્યાયથી આગળ વધતાજ જાય છે અને તેથીજ તેમનો જય થનાર છે. પરંતુ મારે આ વખતે મારી વફાદારી બતાવવી જોઇએ, હું જાતેજ જઇ લડાઇમાં ઉતરી મારી ખરી વફાદારી બ્રિટીશ પ્રજામાં બતાવી આપું. આ રાજય, તન મન અને ધન તે બ્રિટીશ રાજયને અર્પણ છે. હું તેનો છુ તે મારા છે બસ એજ ચાલો હમણાંજ બધો બંદોબસ્ત જવાને માટે કરૂં છું.

જાય છે

પ્રવેશ ૩ જો લક્ષ્મીદાસ શેઠ વિપરીત કાળના વિચારમાં પાછળથી રમણ અને સંગીતાનું આવવું, ધર્મભ્રષ્ટ રમણને ઉપદેશ. રમણ નો ગુસ્સો બાપને મારવો એટલામાં સુશીલા અને સરસ્વતિનું આવવું.

લક્ષ્મીદાસ— ૨૮

વિપરીત કાળ આતો આવ્યો રે
ભાઇઓ વિપરીત કાળ આતો આવ્યો
પુત્ર થઇ પિતાને મારે
ભાઇ ભાઇમાં વેર વધારે
સ્ત્રીઓએ તે કેર બહુ વરતાવ્યોરે ભાઇઓ—
ધર્મને તો ધતિંગજ માને
દેવ પથ્થર સમ પિછાણે
હોટલમાં જઇ બહુ બહુ હરખાયોરે....ભાઇઓ•
શાસ્ત્ર આજ્ઞા નવ મન ધારે
વિવેક વિનય ના રહ્યા લગારે
કળયુગી સુધારો એ હડકાયો રે.......ભાઇઓ•

અરે પ્રભુ, આને શું થવા બેઠું છે. નકલી સુધારે અમારૂં સત્યાનાશ વાળી નાંખ્યું છે. હે નાથ આ જુની આંખે નવા કૌતક જોવા પડે છે હવે તો ત્હારા ધામમા બોલાવી લેતો બહુ સારૂં.

આ પુત્ર કુપાત્ર નીકળ્યો તેમાં વળી સુધરેલી સ્ત્રી પરણ્યો ઘરનું સત્યાનાશ વાળી નાંખ્યું અરેરે તેનું શું થશે રમણ અને સંગીતા આવીને.

રમણ—શું થશે તે હમણા જોવાશે.

લક્ષ્મીદાસ—ઓ દીકરા જરા ડાહ્યો થા, આમ છેક ફાટી ન જા.

રમણ—ચુપ રહે યુ ગદ્ધા અમારે કાલે મુંબઇ જવું છે માટે રૂ. જોશે સમજ્યો.

લક્ષ્મીદાસ—હા. સમજ્યો. મારી પાસે હતું ત્યાં સુધી આપ્યું હવે મારી પાસે નથી તે કયાંથી આપું.

રમણ—કેમ નથી આપતા, લગાવું કે સોટી. (સોટી મારે છે)

લક્ષ્મીદાસ—(બુમ પાડતો) અરરર ત્હારૂં સત્યાનાસ જાય ઓ મારા કપુત, ચંડાલ ઢેડ વટલેલ મને મ'દાને મારી નાંખ્યો.

સુશીલા—(ઘરમાંથી આવીને) ઓ મારા રોયા કસાઇ જા રાક્ષસ માંદા ડોસાને શું કામ મારી નાખે છે! હત તારા ભણતરમાં ધુળ પડે! ત્હારા સુધારાનું સત્યાનાશ જાય! મ્હારા પીટયા ભણી ગણીને બાપને મારતા શીખ્યો! આવું ભણતર કઇ નિશાળમાંથી લીધું છે.

રમણ—(ડોસીને એક સોટી ફટકાવી દે છે) ઓહ યુ ડોકરી બી ક્વાઇટ! બીકવાઇટ! વ્હાય ડુ યુ ઇનટરપ્ટ વિધાઉટ કોલીંગ! અરે ડોકરી ચુપ રહે વગર બોલાવ્યે વચમાં કેમ ડહાપણ કરે છે.

સુશીલા—(હાથ હલાવતી બુમ પાડતી) ઓ મારા ગેયા મને મારી નાખી તું ફાટી પડો મરી જાય! તને કોગળીયુ આવે અમરાળા?

સરસ્વતિ—(આવીને) કેમ આ કેમ રડે છે.

લક્ષ્મીદાસ—ઓ બેટા સરસ્વતી? તે કોનું નામ ના દઇશ એણે તો હમણા અમારી ચાકરી કરી. વળી ક્યાંક તને પણ મારશે.

સરસ્વતી—વાહ મોટા ભાઇ વાહ, મારી સુધરેલી ભાભીના સેવક વાહ! તમે તો ભણી ગણીને ગજબ કર્યો! તમે શું ભણ્યા શું સુધર્યા? શાના ભણી ગણીને વિદ્વાન ગ્રેજ્યુએટ અને સુધારક બન્યા? ઉલટી અંગ્રેજી કેળવણીને લજવી મારી ઇંગ્રેજી કેળવણીમાં આવું કયાં લખ્યું છે! વાહ સુધારાદાસો વાહ.

લક્ષ્મીદાસ—અરે બેટા આજકાલ સુધારો અને વિદ્વતામાં માંબાપને ગાળો ભાંડવી મારવા ગજા ઉપરાંત સારાં સારાં કપડા પહેરવા અને બૈરીને પહેરાવવા સારૂં સારૂં જોઇએ, નહિ ખાવા લાયક ખાવું અને મન ચ્હાય તેમ કરવું અને ફરવું એટલુંજ રહ્યું

ચાલ બ્હેન ચાલ મને બહુ ભુખ લાગી છે.

સરસ્વતી—પિતાજી જરા વાર છે, હજુ દુધ આવ્યું નથી આવશે એટલે હુ તરતજ કાંજી કરી આપીશ.

રમણ—અરે એવી કાંજીથી શું દી વળવાનો હતો વેરીવેલ ધેન માય લવ? યુ ગો સુન ઇન માય રૂમ એન્ડ બ્રીંગ ધી બીસ્કીટપાઉ ડબ્બલરોટી બ્રાન્ડી એન્ડ સોડા ફ્રોમ માય કબાટ એન્ડ ગીવ ટુ માઇ ડોસા.

સરસ્વતી—અરે જરા તો શરમાઓ આમ છેક હિંદુ ધર્મથી વિમુખ થતાં બીલકુલ લજવાતા નથી. અરેરે તમારા જેવા અર્ધદગ્ધ ગ્રેજ્યુએટોએજ આર્ય ભૂમિનું સત્યાનાશ વાળી નાંખ્યું છે.

રમણ—અરે બેવકુફ! બીસ્કીટ કેક બ્રાન્ડી સોડા અને ડબલરોટી ખાવામાં શું વટલાઇ જાય છે? શેઇમ શેઇમ?

સરસ્વતી—જો ધર્મથી ભ્રષ્ટ થતા અને આર્યના આચારથી રહેતા જો મુર્ખ ગણાઇએ તો તે મુર્ખ ગણાવવાનું વધારે પસંદ કરૂં છું અને તમારા જેવા રાક્ષસી સુધારામાં ડાહ્યા ગણાવાનું હું ધીક્કારૂં છું લાત મારૂં છું. શું તમે આવું ખાવામાંજ સુધારો માનો છો.

સંગીતા—ના. દાળ ભાત રોટલી ભાખરી અને કઢીના સબડકાને સાચો સુધારો માનીએ છીએ વોટ આર યુ મેન માય ડીઅર.

રમણ—સાલા પોચા ગુજરાતીએ! ટોનીકપુડમાં સમજે શું? જંગલી બેવકુફો અને જડસાઓ ડબલરોટી બીસ્કુટ અને બ્રાન્ડીની લ્હેજતમાં સમજે શું? ઓ જંગલી? આવા માંદા ઘરડા ઢોચરાને વાસ્તે બીસ્કીટ બ્રાન્ડી ડબલરોટી કેક અને ટી જેવો ટોનીક બીજો નથી? આવા ઘરડા અને માંદલાને કલાકે કલાકે સ્ટીમ્યુલન્ટની ખાસ જરૂર છે? માટે જો તે સ્પીરીટ વાઇનમ ગ્લાસીસનો ઉપયોગ કરશે તો જીવી શકશે અધર વાઇઝ હાઉ માય ડીયર ધે વીલ ડાઇ સુન?

સંગીતા—યસ માય લવ.

લક્ષ્મીદાસ—ઓ અકર્મી દીકરા! તેં તો ભણી ગણીને ઘર વટલાવી માર્યું મારા બાપા! અરર પૃથ્વી રસાતાળ જાશે ધર્મ લુપાઇ

જાશે. કાળો કેર વરતાશે ઓ પ્રભુ પ્રભુ આ હું શું સાંભળું છું ને શું જોઉં છું.

સંગીતા—(ચીડાઇને) અરરર જુવો આ આ જંગલી હિંદુડાની ભવાઇ

રમણ—વાહવા કેવી મજાની નવાઇ.

લક્ષ્મીદાસ—અરરર જુવો આ ભણેલાની ભવાઇ.

સુશીલા—હાય હાય જુવો આ સુધરેલાની નવાઇ.

સંગીતા—નો નો ડીઅર હવે અહિંઆ રહેવાઇ.

રમણ—ચાલો બસ ચાલો રહેવાને મુંબઇ.

સરસ્વતી—અરે પણ આ માંદા માબાપ શું કરશે.

રમણ—બેઠા બેઠા હજામત કરશે? કેમ માબાપ.

સરસ્વતી—અરરર! માબાપને કેમ કહેવાય! જરા ધર્મ તો વિચારો.

રમણ—કેમ ધર્મ!

સરસ્વતી—અરે જરા ઇશ્વરનો તો ડર રાખો.

રમણ—કેમ ઇશ્વર.

સરસ્વતી—અરે દુનિયાનો તો જરા ડર રાખો.

રમણ—અરે કેમ દુનિઆ.

સરસ્વતી—બધાએ કેમ?

રમણ—યસ ઓલ રાઇટ? ઓલ કેમ કેમ કેન.

લક્ષ્મીદાસ—જુવો ભાઇ ભણેલા.

સુશીલા—જુવો ભાઇ સુધરેલા.

સરસ્વતી—જુવો સુધરેલાના વિચારો જુવો સુધરેલાના આચાર.

કોરસ ૨૯

રમણુ—ઢેમ મધર ઢેમ ફાધર ઓલ ઢેમ ઢેમ
આઇ વીલ ડુ વોટ આઇ કેન જેમ.......ઢેમ૦
સુંદરી સાથે કર ઝાલીને ચાલુ બની મસ્તાન
બ્રાંન્ડી બીસ્કીટનો બસ શોગી સુલતાન
સુધરેલો સુલતાન વર્તુ જગમાં ફાવે તેમ........ઢેમ૦
ડ્રોપ પડે છે

પ્રવેસ ૪થો

કલ્યાણુસિંહની રાજ કચેરી કલ્યાણુસિંહનો લડાઇમાં જવાનો વિચાર તેમના બન્ને કુંવરોનો લડાઇમાં જવાનો દ્રઢ આગ્રહ તેમને જવાની આજ્ઞા આપી વિદાય કરવા તૈયારીનો હુકમ.

કાંચનીઓ ૩૦

૦હાલા વૃજવાસી અમને ના સતાવોરે
અમને ના સતાવોરે હવે ઘેર આવોરે....૦હાલા૦
૦હાટ જોઇ જોઇ હારી ગઇ છું
વિરહની વેદનામા હાય વીંધાઇ છું
હવે અલબેલા વધુ ના સતાવોરે....૦હાલા૦
બાળપણુમાં હસી બાંસળી બજાવી
ભુલાવી સાન ભાન મોહની લગાવી
હવે અલગા રહી ના રિબાવોરે....૦હાલા૦

નાચ

કલ્યાણસિંહ—

સુણો સહુ સામતો મારા, યુરોપે યુદ્ધ તો જાગ્યું
બ્રિટીશને સ્હાય દેવાને ચિત્ત ચંચળ થવા લાગ્યું
જઇશ હું મારી જાતે બતાવીશ ત્યાં વફાદારી
સહુ આ રાજ્યને સતા બ્રિટીશના નામ પર વારી
જવાની જેહને ઇચ્છા કરો સહુ આજ તૈયારી
બતાવી બળ બહાદુરી કરો શત્રુ તણી ખુવારી

અજીત—સુણો પિતા તમે મારા અરજ એક સુતની આજે
રહો નિશ્ચિંત તમે*અહિંઆ જઇએ અમે યુદ્ધને કાજે
વડિલ છો આપ મારા તમે શું યુદ્ધમાં જાશો
પછી શું કામના છીએ અમે જાશું બન્ને બાજો

રણધીર— હા પીતાજી ૩૧

સુણો પુજ્ય પિતાજી વચન અરજ ઉરધારોરે
છીએ આપ તણા અમે તન ,,
નવ સમજો અજ્ઞાની બાળ ,,
છીએ ક્ષત્રાણી તણા સિંહ બાળ ,,
આપો યુધ્ધે જવાની આજ્ઞાય ,,
જઇ શુર બતાવીએ પળ માંય ,,
છે બહાદુર બ્રિટીશ મહારાજ ,,
લડીએ જઇ રણમાં તે કાજ ,,

જર્મન બળનો કરી સંહાર ,,
થઇશું સાચા અમે વફાદાર ,,

સરદાર—રણુ રમણી વરવા અમે થયા છીએ તૈયાર
સમશેર આ હુશીયાર છે કરવા શત્રુનો સંહાર
સિંહ સમાગરજી આગે કરશું ઉત્તમ કામ
બહાદુર બ્રિટીશ વીરથી દૈયે છે અમ હામ

રણુધીર—છીએ ન્હાના અમે ત્હોયે ગણોને સિંહના બાળો
વળી રજપુતના જાયા નહિ કાચા જરી જાણો
જવાનો દ્યો હવે હુકમ નહિં કાંઇ દિલમાં આણો
લડીશું શત્રુ સંગાથે તમે નિજ ઉરમાં માનો

પુજ્ય પિતાજી આપ અમારા શીરછત્ર છો અમે બેઠા છતાં આપ લડાઇમાં જાઓ તો પછી થયુજ રહ્યું ને! અમારી માતાએ નવ માસ ભાર ઉપાડયો તે નકામોજને! જે માત પીતાએ અમને મહા મહેનતે ઉછેર્યાં અમારે માટે અનેક સંકટો સહન કર્યા. તે શું આજ માટે કે? નહિ નહિ પિતાજી તેમ નહિ બને, અમારી માતાની કુખને એબ નહિ લાગવા દઇએ માટે આપ ખુશી થઇને અમને રજા આપો, અમે ન્હાના છીએ એવી લેશ માત્ર પણ શંકા નહિ લાવતાં તુરતજ જવાને માટે આજ્ઞા ફરમાવશો.

હૃદયાનુસિંહ—
શાબાશ પુત્રો મારા બસ આજ આનંદ થાય છે

મુજ કુળ દિપક છો તમો નિશ્ચય હવે તો થાય છે
સિધાવો આજ સુખેથી યુરોપે યુદ્ધને કાજે
રહી બ્રિટીશ છાયામાં લજો નિજ જીવની માટે

મ્હારા વ્હાલા પૂત્રો આજે આ તમારી બહાદુરી જોઇ મને ઘણોજ હર્ષ થાય છે કુલદિપક બેટાઓ. બ્રિટીશની શીતળ છાયા નીચે રહી આપણે આ રીદ્ધિ સીદ્ધિ ભોગવીએ છીએ જે ન્યાયી રાજ્યના પ્રતાપે આપણે અનેક સુખોના ભોકતા બન્યા છીએ. તે રાજ્ય ઉપર યુદ્ધનું જે વાદળ ઘેરાયું છે તેમાં આપણે આપણાથી બનતી મહેનતે તનમન અને ધનથી મદદ કરવીજ જોઇએ, અને તેથી મારે પોતાનેજ લડાઇમાં જવાની ઇચ્છા હતી પરંતુ મારા બેટાઓ તમારી ઉત્કૃષ્ટ ભાવના જોઈ હું તમને ખુશીથી રજા આપું છું છેવટે એટલુંજ કે વિજયમાળા વરી વ્હેલા આવજો.

સરદાર—તમે પણ તમારા લશ્કરને સાથે લઇ તૈયાર થાઓ ચાલો હવે આપણે તૈયારીઓ કરીએ.

(પડદો પડે છે) જાય છે.

પ્રવેશ ૫ મો–સ્થળ દરબારી ઉતારો—બંધાણી રજપૂતોનો આનંદ પાછળથી અજીતસિંહનું આવવું અને ઠપકા સાથે ઉપદેશ.

બંધાણી—કરોના વાત કીસ્મતની
કરો વાતોજ ખુલ્લ ખુલ્લી

શરાબોનીજ ખુશબોની
ખીલેલા ખુશ નવા ગુલની
શીહા છે સર્વ આ સ્વર્ગનું
ખુશી ઇશ્કમાં ખ્યાલ હેરોકી
બધું આ પાક અંધારૂં
મથે જોવા શું તે ભોગી

આહા શરાબ શરાબ ત્હારી બલીહારી છે. જ્યાં તું છે ત્યાં સર્વ છે. ચીંતા તારાથી દૂરજ રહે છે ઇશક તારી પાસેજ છે. એ શું ઓછા મહત્વની વાત છે હેં ભાઇ

બીજો—હા. હા.

પીધો નહિ જેમણે શરાબ, ફોગટ આ જીંદગાની છે,
મધુરા મદિરાના પ્યાલા, ભર્યા નહિતો શું જીંદગાની છે?

ત્રીજો—અરે યારો આજ તો એક ગાનારી છોકરી આવી સેને શું તેની ગાવાની સટા. હુંતો તેને અહિં આવવાનું કહી આવ્યો છું હોવે! બોલાવ્યું તે કામનું છે કેમ? દાજીભા કાંઇ બોલતા નથી,

દાજીભા—હા. મેરૂભા ખરૂસે બાપલા

(એટલામાં ગાનારી છોકરી આવે છે)

મેરૂભા—લ્યો આ આવી, દાજીભા. કેવું તેનું રૂપ સે જાણે ઇંદરની અપસરા મારી બેટીની આંખો તો જાણે મૃગલાના જેવી ચમળ વગળ (?) થયાજ કરે છે.

દાજીભા—હોવે ત્યારે થાવા દ્યો. એ ઘડી તમારા પણ નખરા

છોકરી— ૩૨

હાંરે હું નાજુક નવેલી નાર
અજબ રંગીલી હું છું દિલદાર—અરે હાંરે
નાજુક નખરા વાલી
જોબન રસમાં ઝુકેલી
ભુલ ભુલ બની છું હું દિવાની
આવો કોઇ અનંગ રંગ રમનાર—અરે હાંરે

અરે વાહ નાજુક ભુલ ભુલ વાહ—

(એટલામાં અજીત એકદમ આવે છે)

અજીત—(આવીને) અરે આ શું

બંધાણી—બાપુ નાજુક નખરાવાલી,
બધા બંધાણીઓ દારૂનાં નીસામાં ઘુમી રહ્યા છે.

અજીત—અરે.

કર્મે શુરા, ધર્મે શુરા રજપૂત જે વખણાય છે
તે આજ નિશામાં ઝુકતા જુઓ અહિં જણાય છે
શુરા ગયા, યોદ્ધા ગયા, અધર્મીઓ પેદા થયા
તેથી રજપુત બાળકો બાયલા સહુ બની રહ્યા.

અરે આ શું માંડયું છે, ઓ રજપુત જાતને કલંકિત કરના-
રાઓ જુવો જુવો. નિશાના અંધકારમાં ઝુકેલી તમારી આંખો
ખોલો અને નિહાળો. દારૂ અફીણુ અને રંડીઓથી તમે નિ-

ત્સાહી બાયલાઓ બની રહ્યા છો, જે રજપુતના બેટાઓ, રણમાંજ પોતાની જાતને હોમતા હતા. જે રજપુતો ધર્મ કર્મમાંજ શુરા હતા. તે આજે દારૂની બદીમાં સપડાઇ બે હાલ બની ગયા છે, રાજ્યપાટ ગુમાવી બેઠા છે, ધીકકાર છે! ધીકકાર છે! એ બહાદૂર નામને કલંકિત કરનારા રજપુતો તમને ધીકકાર છે, ચાલો તૈયાર થાઓ યુરોપમાં સળગી ઉઠેલી લડાઇમાં તમારૂં સુરાતન બતાવો તમારી કટાઇ ગએલી કીર્તિને ચળકતી બનાવો દારૂને છોડો અફીણને લાત મારો.

હરજીભા—હા ભા–હા–ખરૂ કહે સે બાપુ

મેરૂભા—ત્યો ત્યારે

સોગન છે બાપદાદાના, અને વળી જનેતોના.

ધિકકાર છે એ અંધ નીશાને સોગન લઉં છું સુરાના–

અજીત—શાબાશ છે! ક્ષત્રી વીરોને એમજ શોભો ખરેખર આપણો દેશ દારૂથીજ પાયમાલ થયો છે. દારૂ દરેક રીતે ખરાબ છે એમ જાણી આપણા નામદાર શહેનશાહ જ્યોર્જે પણ તેને પોતાના કુટુંબમાંથી બાયકોટ કર્યો છે એ ધડો લઇ આપણા દેશના રાજા મહારાજાઓ શ્રીમંતો અને પ્રજાજનો આપણા દેશમાંથી તે પિશાચનો કયારે સદંતર નાશ કરશે તે કાંઇ સમજાતું નથી. વીરો હવે ચાલો રણક્ષેત્રમાં આવવાને તૈયાર થાઓ. અને આ કટાઇ ગએલી સમશેરને શત્રુના લોહીનું બલીદાન દઇ સતેજ બનાવો ચાલો

જાય છે

પડદો પડે છે

પ્રવેશ છઠ્ઠો–સ્થળ વીરબાળાનું એકાન્ત ભુવન વીરબાળા પતિ સેવાના મહિમાનું વર્ણન કરતી નજરે પડે છે. તેવામાં અજીત નું આવવું અને આનંદ પાછળથી માતા કમળાદેવી તથા રણધીરનું આવવું અને લડાઇમાં જવાની આશીષ સાથે ઉપદેશ.

વીરબાળા— ૩૩

સ્વામી સેવા સાચીરે સ્રીને સંસારમાં
સુખડાં સ્વર્ગ તણા સમાણા સ્વામી સદનમાં
તપ જપ તિરથ પતિ ચરણમાં
બ્રહ્મા પણ પતિના ઉદરમાં
ચંદ્ર શેખર પણ વસીયા સ્વામી ભાલમાં—સ્વામી.
દેવસમ પતિ મુરતી ગણીને
પુજન કરે વિધ વિધ પાઠ ભણીને
પ્રેમ ચરણોદક પીવે પાછી ઉલ્લાસમાં——સ્વામી

હજુ પ્રાણનાથ કેમ નહિ આવ્યા. નાથ સિવાયની એક ઘડી પણ મને ભારે થઇ પડે છે તેમનો વિરહ મારાથી બીલકુલ સહન થઇ શકતો નથી ખરેખર

પતિવિરહે સતી ધ્યાન ધરે
લઇ માળા સદા પતિ ગાન કરે
પતિ દેવ સમા ગણી ભાવ ધરે
જોતાં પ્રિયતમ સહુ દુઃખ હરે

અજીત—(આનંદને)

આહા ! શું માન કરે. પતિ દેવ તણું
મળી આવી સતીએ મુજ ભાગ્ય ગણું
વાહવા શું મારૂંજ ગાન કરો છો કે.

વીરબાળા—હાજતો ચંદ્રિકા કોને ચાહે કોયલડી કોને ટહુકારે. રજની કોને સંભારે તેમ આ આપની દાસી પણ પિયુનેજ સંભારે છે. પણ તેથી આપને શું આપના વિરહથી અમારી કેવી દશા થાય છે તે આપ ક્યાં જુવો છો. તમારા વિયોગમાં ઝુરીએ. તમારા નામની માળા જપીએ ત્હોય તમારે શું.

અજીત—વ્હાલી એ શું બોલી ? હું તો હાજરજ છું તમારા પ્રેમરૂપી પીંજરમાં હું પોપટ તરીકે સદાને માટે પુરાએલોજ છું

વીરબાળા—એતો હવે જાણ્યા. તમારી એવી જુઠી વાતો અહિં નથી ચાલવાની હો—કે ?

૩૪

હાંહાંરે જુઠી જુઠી તમારી જુઠી વાતો સઘળી જુઠી
બનાવી મને છેતરી ઠગારા.
હાંહાંરે તમથી ઠગાઇ કામણુ આરા.

અજીત—મનાવો બાળા

વીર—અરે જાઓ ઠાલા
ભોળીને ભરમાવી પાઇ બુટી—જુઠી.

અજીત—વ્હાલી, હવે એ બધું જવાદે કારણ કે સાંભળ.

૩૫

વાગી જોને વીર હાક રણ જંગમાં
વ્હાલી જાવું મારે તે પ્રસંગમાં
બ્રિટીશના વફાદાર થઇ જાવું
વીર હાક જઇ ત્યાં ગર જાવું

વીરબાળા—ભલે સિધાવો કીર્તિ ગજાવો. વિજય વરતાવો
સ્વામી યુરોપી જંગમાં (૨) વાગી
સેવા સ્વીકારી, દાસી તમારી, લેશો પ્રિયુતમ સંગમાં (૨)

અજીત—ધન્ય છે. ક્ષત્રાણી ધન્ય છે ત્હમને એમજ શોભે યુદ્ધમાં જતાં પોતાના સ્વામીને જે ક્ષત્રાણીઓ સુરાતન આપે છે તેજ ખરી ક્ષત્રાણીઓ કહેવાય છે પણ તમોને ત્યાં સાથે લઇ જવાય તેમ નથી. માટે તમે અહિં રહી તમારો ધર્મ બજાવો.

વીરબાળા—સ્વામી હું સ્ત્રી છું પણ સિંહણ છું એમ ચોકસ માનજો યુદ્ધકળાને સારી રીતે જાણું છું. શું પુર્વે સ્ત્રીઓ લડાઇમાં ન્હોતી ઉતરી ! શું આર્ય રમણીઓએ પોતાનું સુરાતન બતાવી ઇતિહાસના પટપર પોતાનું અમર નામ નથી કરી ગઇ ? તો નાથ હું પણ તેજ વંશની મુખ્ય ક્ષત્રાણી છું માટે આપ મને સાથે લેશો. એવી આ દિન દાસીની વીનવણી છે

અજીત—ને ખરૂં પણ હાલનો સમય જોતાં ત્યાં તમને લઇ જવા હું ઉચીત ધારતો નથી માટે જો તમે મારી આજ્ઞામાં હો તો—એ હઠ છોડી દ્યો.

વીરબાળા—લાચાર છું નાથ

અજીત—અરે પણ જુવો તો સામેથી માતુશ્રી જેવા આ તરફ આવતા જણાય છે સાથે રણધીર પણ છે

વીરબાળા—હા માતુશ્રીજ આવે છે.

(કમળા દેવી તથા રણધીર પ્રવેશ કરે છે)

અજીત તથા વીરબાળા

પુજ્ય માતુશ્રી વંદન કરીએ છીએ

કમળાદેવી—ચીરંજીવ બેટા વારૂ આજે મેં સાંભળ્યું છે કે તમે બન્ને ભાઇઓ યુરોપની લડાઇના મેદાનમાં જવાના છો

અજીત—હા માજી અને તે આપને નિવેદન કરવાને હું હમણાજ આપની પાસે આવનાર હતો એટલામાં તો આપ જાતે તસ્દી લઇ અત્રે પધાર્યા

કમળા—કેમ નહિ જે ક્ષત્રાણીઓના વીર બાળકો લડાઇમાં જતાં હોય તે ક્ષત્રાણીનો તે દિવસનો આનંદ એક પુત્ર જન્મ વખતે પણ નથી હોતો. માટેજ હું હર્ષના આવેશથી એકદમ તારી પાસે આવી છું ખરેખર મારા કુળ દિપક બેટાઓ, ત્હમે આજે ત્હમારી જનેતાની કૂખને દિપાવવા માટે બહાર આવ્યા જાણી મને અપુર્વ આનંદ થાય છે ખરી ક્ષત્રાણીઓના બાળક આવા વીરજ હોય છે અને તેઓ કદિ પણ પોતાની માતાની કૂખને એબ લગાડતાજ નથી, અજીત તું વીર બાળાની બીલકુલ ચીંતા કરીશ નહિ. અને આનંદની સાથે નામદાર શહેનશાહ બ્રિટીશની મદદમાં જાઓ અને મારી કૂખને દિપાવો છેવટે એટલુંજ કે જો તમે મારૂં દુધ પીધું હોય તો લડાઇમાં પાછી

પાની કરાશો નહિ. બેટા વીરબાળા આ બન્ને વીર બાળકોને ત્હારા હાથથી તિલક કરી વિજય માળા આરોપ (વીરબાળા તિલક કરી હાર પહેરાવે છે) માતા આશીષ દે છે.

૩૬

જાઓ કુળ દિપક બેટા સુખે સિધાવો
બતાવી શુરવીરતા મુજ કુખ દિપાવો
વિઘ્નો તમારા સહુ હરશે મોરારી
સ્હાય વિભુ થશે શત્રુ સંહારી.......જાઓ૦

સાખી

બ્રિટીશ રાજ્ય સત્તા થકી થાશે અમ ઉદ્ધાર
એ બહાદુરના બળ થકી હોશે જય જયકાર
મરજો પણ પાછી પાની ના કરજો
ક્ષત્રાણી કેરી ન કુખ લજવજો
આશીષ મારી જાઓ સુખે સિધાવો.......જાઓ૦

જાય છે પડદો પડે છે.

પ્રવેશ ૭મો સ્થળ લક્ષ્મીદાસનું ઘર સરસ્વતિ પોતાના ભવિષ્યના ભરથારની રાહ જોતી ઉભી છે. એટલામાં ચંદ્રકાન્તનું આવવું અને પ્રણય વિહાર.

સરસ્વતિ— ૩૭

કોઇ ફુલ લ્યો સુગંધી
પરિમલ દિલરંગી હો કોઇ
રસભોગી રસીયા તમો લીઓ ફુલ અમુલ
રસીયા વ્હાલા પ્રાણુશાં કોઇ મીલશો જીવન ફુલ કોઇ૦
હેતે હૈયા પાથરૂં કરૂં કાયા આ ફુલ
ચુંટો રસબસ ફુલડું પરાગમય મંજુલ........કોઇ૦
પ્રેમ તરૂ પલ્લવિત જ્યાં પ્રેમ વારી સીંચાય
પ્રેમી માળી નહિ મળે તો પ્રેમ પુષ્પ મીંચાય

પિતાજીની માંદગીને સાંભળી મુંબઇથી ચંદ્રકાન્ત પધારવાના છે આહા બી. એ. થયા છે છતાં કેવા ધર્મચુસ્ત સાદા સરલ અને વિવેકવાન છે ત્યારે આ મારા ભાઇ કેવા અધર્મી નકલી સુધારાના હિમાયતી થઇને નામ બોળ્યું છે અરે ટાઇમ થયો છતાં હજુ કેમ નહિ આવ્યા હું તેની મહેમાનગતી કરવા નેજ અહિં ઉભી છું......આ સામેથી આવતા જણાય છે ને શું.

ચંદ્રકાન્ત—ઓહો આતો રસ્તામાંજ મળ્યાને શું ચાલો ત્યારે પહેલાં તેનેજ મળીએ......કેમ સરસ્વતી આમ ગુપચુપ ઉભા છો મ્હેમાનનો સત્કાર તો સારો કરો છો કેમ.

સરસ્વતી—આવો આવો મારા માનીતા મહેમાન આવો.

૩૮

આવે। મારા મન માન્યા મહેમાન
પધારે। અમ આંગણેરે
સ્વીકારે। મહેમાની અમ આજ
પધારે। અમ આંગણેરે
સ્નેહવારીથી પાય પખાળું
વિવેક વચનના ફુલડે વધાવું
હેતના હિંચોળે ઝુલાવું હળુ હળુ રાજ........પધારે।૦
પ્રીતિ તણા પકવાન ખરાવું
ભાવતા ભોજનીયા પીરસાવું
પ્રેમ ભર્યા ખવરાવું પેંડા મ્હેસુર........પધારે।૦

વ્હાલી પણ કહે ત્હારા પીતાશ્રીની તબીયત કેવી છે ચાલ અત્યારે અહિં વધારે વખત નહિ રોકાતાં તારા પીતાજી પાસે જવું જોઇએ. રમણીકલાલના શા હાલ છે.

સરસ્વતી—હાલ હવાલ છે. અંતે બે હાલ થનાર છે.

ચંદ્ર—ઠીક છે ત્યારે હું જાઉં છું.

સરસ્વતી—હા પધારે. (જાય છે)

પ્રવેશ ૮મો—મીસ સંગીતા પોતાના પ્રાઇવેટ રૂમમાં પોતાના આશક મી. ફુકડલાલ સાથે પ્રેમ લીલામાં પાછળથી રમણનું બીલો લઇને આવવું સંગીતાએ તેનું છંનછાલ્ટ કરવું. એટલામાં

મારવાડીનું વારંટ લઇને આવવું રમણની સંગીતા પાસે પૈસાની માગણી નહિ તો તારા ઘરેણા આપ. સંગીતાની ચોખ્ખી ના. રમણનો પશ્ચાતાપ, ચંદ્રકાન્તનું આવવું. અને ઉપદેશ આપી મારવડીને પોને પોતાની ચીઠી લખી આપી વિદાય કરવો.

સંગીતા— ૩૯

વાહરે લાલા લલિત લગનને લગાવી
નયને નચાવી સાન ભાન તો ભુલાવી
ખુબ મીલાવી મને બ્હાવરી બનાવી.......લાલા૦
અળગા રહિને ડીયર શાને અકળાવો
વિરહની વેદના આવો સમાવો
હાજર છું અલબેલી રામા
ખોટી પ્રીતિ શું જણાવો નકામા
બ્હાટ જોવરાવી મ્હને ખુબરે મુંઝાવી
પ્રીતિની રીત એવી આપે જણાવી.......લાલા૦

[કુકકડ—વાહ રસીલી વાહ એટલામાં રમણનું આવવું.

રમણ—મીસ સંગીતા આ નસરવાનજીની કું. ઝવેરી બ્રધર્સ અને પરફ્યુમરીમાર્ટ વિગેરેના બીલો આવ્યા છે. આ બીલની તો તમે મને વાત પણ કરી નહિ બધા મળી રૂા. ૫૦૦ થવા જાય છે.

સંગીત—વ્હાઇ કમ હીયર, ગો આઉટ એટવન્સ મારી રજા લીધા વીના મારા રૂમમાં કેમ દાખલ થયા અમે કાંઇ પણ અગત્યના કાર્યમાં રોકાયા હોઇએ તેમાં તમારે વચ્ચે આવવાનો હક શું છે? જાઓબીલ આવ્યા હોય તો હાલને હાલ ચુકાવી દ્યો. તેમાં મને શું પુછવા આવ્યા છો. ખબરદાર જો હવે પછી આવી ભયંકર ભુલ કરી તો.

રમણ—માથું ખંજવાળતો બહાર આવ્યો. એટલામાં મારવાડી વારંટ લઇને આવતો દેખાય છે એટલે રમણ સંગીતાના રૂમમાં આવી ચડયો મારવાડી પણ પાછળ આવ્યો.

મારવાડી—કયુ રમણ શેઠ રૂપિઆ લાવો નહિ તો ચાલો મામાને ઘેર સમજયાને.

રમણ—સંગીતા ત્હારી પાસે રૂપીઆ હોય તો લાવ હું તને પાછા આપી દઇશ.

સંગીતા—શરમાવ જરા મારી પાસે માંગતા? શું મ્હારી પાસે થાપણુ બાપણુ ભરી છે. યુ રાસ્કલ.

રમણ—સંગીતા નહિ તો તારા ઘરેણા આપ પણ મારી આબરૂ જતી બચાવ મારે કેદમાં જવું પડશે.

સંગીતા—તે જાવ એમાં શું એ પણ એક સુધારો છે મારી પાસે બીલકુલ માંગતા નહિ. તમે કેદમાં જાવ કે ગમે તે થાવ તેમાં મારે શું.

રમણ—બસ જણાયું કરેલું કર્મ આબેહુબ દેખાયું અરે ઓ નીચ કુલટા ત્હારે લીધે હું દેવાદાર થયો આબરૂ ગુમાવી માબાપથી

જુદો થયો તેનું આ પરિણામ ઓહ સત્યાનાશ જજો આવા સુધારાનું અને નિકંદન હોજો આવી નારીઓનું.

હા દૈવ હાથના કર્યાં હૈયે વાગ્યા.

આ ગડબડ સાંભળી ચંદ્રકાન્ત સરસ્વતિ, સુશીલા વિગેરેનું આવવું.

ચંદ્રકાન્ત—શું છે શેઠ કેમ મારવાડી શું આ ગરબડ છે.

મારવાડી—રમણ શેઠ પાસે અમારા રૂા. ૫૦૦ છે તેની આ ધમાલ છે.

ચંદ્રકાન્ત—અરે સત્યાનાશી સુધારા તેં ખરેખર આવા કઇક કુટુંબનું સત્યાનાશ વાળી નાંખ્યું મારવાડી શેઠ આલ્યો ચીઠી જાવ મારી પાસેથી કાલે આવીને લઇ જજો મારવાડી ચાલ્યો જાય છે. અને રમણ પસ્તાય છે.

સરસ્વતી—જોયો મોટા ભાઇ આધુનિક સુધારાનો સાર? થયો આ મડમડી ભાભીથી સુખી સંસાર.

ચંદ્રકાન્ત—આજકાલના નીતિ અને ધર્મથી વિમુખ રહીને ઇંગ્લીશ કેળવણી પામેલા યુવકોનું આવુંજ કુતુહલ નજરે નજર જોવાય છે શું આ સુધારો કહેવાય નોનસન્સ.

જે સ્ત્રીઓ પોતાના સ્વામી માટે પ્રાણ આપવાને તેયાર થાતી જે સ્ત્રીઓ પોતાના પતિ માટે અનેક સંકટ સહન કરવા છતાં પતિના દુઃખમાં દુઃખી થઇ તેના સ્વરૂપનેજ અનુસરતી સતી દમયંતી તારામતી સીતા અને દ્રોપદી જેવી

દેવીઓએ પોતાના સ્વામી માટે કેટલું કેટલું સહન કર્યું છે તે તેના ઇતિહાસો પરથી સહેજ સમજાઇ આવે તેમ છે. પણ આજકાલની નાજુક બાળાઓ ધર્મ કે નીતિના સુત્રોના જેને દર્શન પણ થતા નથી તેવી સ્ત્રીઓને કાલેજમાં જોડી કેળવણી લેવરાવે ટોપછી તેના કેવા હાલ થાય આ તમારોજ દાખલો લ્યોને સંગીતાને માટે તમે કેટલું સહન કર્યું છતાં દુઃખ સમયે જરા પણ મદદ કરવા તૈયાર થઇ ફીટકાર છે ધીક્કાર તેવી નારીઓને.

સંગીત:—ભાઇ ચંદ્રકાન્ત મારી ભુલ થઇ છે મને ક્ષમા આપો. આજથી આ સુધારાને તિલાંજલી આપું છું વિદેશી ફેશને બોયકોટ કરું છું અને મારી ભુલને માફી આપશો.

સરસ્વતી—ભાભી એમાં માફી આપવા જેવું કાંઇ છેજ નહિ. આપણો સ્ત્રીઓનો ધર્મ આપણે સમજવોજ જોઇએ. વિચાર કર્યા વીના નવીન પંથ ગ્રહણ કરવો એજ નકામો છે ચાલો ભુલ્યા ત્યારથી ફરીને અને જાગ્યા ત્યારથી સવાર.

હા જુવો— ૪૦

બધા—વિના વિચારે સહસા કરીને

નવિન પંથે જે ચડશે તે પડશે (૨)

તજી પોતિકા રીત રિવાજો

દેખા દેખી ચડશે તે રડશે

ધોબીનો કુતરો નહિ ઘાટનો
નહિ વાટનો ફરશે ક્યાં ઠરશે
સિંહ ચામ્ર ધરી શિયાળ જશલે
જગત પરિક્ષા કરશે હિત હરશે
લસણ વાવીને નહિ કસ્તુરી
કદિ મળશે કહો કેમ ફળશે
બાબળ રોપી—આમ્રફળ કહો
કેમ કરી મળશે અરે કાંટા તિંહાં મળશે.
વિના૦

જાય છે—

પ્રવેશ ૯ મો—સ્થળ મુંબઈનો કિનારો—દરીયામાં સ્ટીમર ઉપર ચડતું હિંદી લશ્કર, બહાદુર સૈનકોની વિદાયગીરી ઇંગ્લીશ બેંડના માન સાથે સ્ટીમર ઉપર ચડવું, અને હુરેના પોકાર સાથે સ્ટીમરનું ઉપડવું.

ડ્રોપસીન.

અંક ૨જો સમાપ્ત.

અંક ૩ જો.

પ્રવેશ ૧લો—સ્થળ યુરોપની રાજધાની લંડન શહેર લડાઇ જાહેર થવાથી બ્રીટીસ પ્રજામાં ખુશાલી સ્ત્રી પુરૂષો અને બાળકોનો આનંદ—અને હિંદી સરદારોનું ગાયન ૪૧

When Britain first, at Heaven's command,
Arose from out the azure main,
This was the charter of the land
And guardian angels sang the strain:
Rule Britania rule the waves,
Britons never shall be slaves! 1

The nations not so blessed as thee,
Must in their turn to tyrants fall:
Whilst thou shalt flourish great and free
The dread and envy of them all.
Rule Britania etc 2

Still more majestic shalt thou rise,
More dreadful from each foreign stroke
As the loud blast that tears the skies,
Serves but to root thy native oak
Rule Britania etc 3

Thee haughty tyrants ne'er shall tame,
All their attempts to bend thee down,
Will but arouse thy generous flame,
But work their woe and thy renown.
Rule Britania etc. 4

To thee belongs the rural reign,
Thy cities shall with commerce shine
All time shall be the subject main,
And every shore it circles thine.
Rule Britania etc. 5

The muses, still with freedom found,
Shall to thy happy coast repair,
Blest Isle! with matchless beauty crowned,
And many hearts to guard the fair.
Rule Britania. 6

પ્રવેશ ૨ જો—સ્થળ પારીસ શહેર—હિંદી લશ્કરનું આવવું તેમનું સરઘસ રૂપે નીકળતાં ફ્રેંચ પ્રજા તરફથી માન અને ફુલની વૃષ્ટિ હિંદી લશ્કર ઉપર હુરે અને રાજ્યગીત ગાતા નીકળવું

હિંદી સરદારો— ૪૨

રાજતાજ શીરતાજ બ્રિટીશ છત્ર ધારી
તપો અચળ અમાપ એ રાજ્ય સુખકારી

પ્રચંડ યુદ્ધ વિહારનાર સ્હાય કરો ત્રિપુરારી
અમ રાજતાજ જ્યોર્જ ને તું રક્ષજે મોરારી
અન્યાયને અસત્યમાં વળી અભિમાનમાં છેઉલતાં
એ શત્રુનો સંહારકર એમ અમે સહુ બોલતાં
આ હિંદી વફાદારનો તું સાચો છે શ્રી પ્રભુહરી
અમ રાજ તાજ જ્યોર્જને તું રક્ષજે મોરારી,

\+ + + + + + ×

હિયર, હિયરના પોકારો અને ફુલની વૃષ્ટિ.

પડદો પડે છે

પ્રવેશ ૩જો—

બ્રીટીશ અને હિંદી સરદારોનું મીલન અને રાજ્યરીત પ્રમાણે આપ સામાં માન સાથે લડાઇના મેદાન તરફ કુચ,

પ્રવેશ ૪થો—

લડાઇનો દેખાવ, હિંદી લશ્કરની બહાદૂરી જર્મન ટુકડીને નસાડવી, ટેબ્લો.

પ્રવેશ ૫મો—

જર્મન ટુકડી ઉપર બ્રિટીશ ઝેપલીનનો મારો.

....

પ્રવેશ ૬ઠો—

ઘાયલ થએલા હિંદીઓ અને તેની મુલાકાતે પંચમજી અમલદારો હિંદી બહાદૂરીને યાદ અને દેશમાં વિદાય કરવા.

અમલદાર—બહાદુર હિંદી સૈનીકો તમારી બહાદુરી જોઇ નામદાર **શહેનશાહ** પોતે બહુજ ખુશી થયા છે. નહિ ધારેલી ધારણા **આજે** તમે સફળ કરેલી જોઇ. તમારા હિંદીવાનો પ્રત્યે અમારી જે માન ભરી લાગણી ઉત્પન્ન થઇ છે, અને અમારા હૃદયમાં જે તેણે સ્થાન લીધું છે. તે જો કે અત્યારે કહેવાની જરૂર નથી પણ વખત આવે તેનો બદલો જરૂર મલશે સરદાર કેશરી-સિંહ આજના યુદ્ધ પ્રસંગે તમારી અસાધારણ બહાદુરી માટે નામદાર શહેનશાહ તેમજ બ્રીટીશ પ્રજા તમારા પર બહુજ ખુશ થઇ છે અને તેની નિશાની દાખલ આ ચાંદ તમને અર્પણ કરવામાં આવે છે (તાળીઓ) અને કાયમને માટે તમારો મૈત્રી સબંધ અમારે ત્યાં રહેશે. હાલ તમને ફુરસદ લેવા માટે દેશમાં ઘણામાન સાથે વિદાય કરવામાં આવે છે,

કેશરીસિંહ—અમારા હિંદના શીરતાજ શહેનશાહની મારે માટે માન ભરી લાગણી જોઇ હું બહુજ ખુશી થાઉં છું અને આપ નામદારનો ઉપકાર માનું છું જો કે ચાલુ લડાઇ પ્રસંગે દેશમાં જવું મારે માટે યોગ્ય નથી તો પણ આપ નામદારની તેવી ઇચ્છા છે તો હાલ હું જાઉં છું પણ પાછો સત્વર આવીશ. તાળીઓ અને વિદાયગીરી,

પ્રવેશ ૭મો—

સ્થળ હિંદમાંનું વસંતપુરશહેર, સુરબાળાની પ્રભુ પ્રાર્થના. વીર કેશરીસિંહ વિજય મેળવી આવવાના સમાચાર

સુરબાળા— ૪૪

હે શામળીયાજી વ્હારે થજોરે—(૩)
સત્ય તણા છો પ્રભુજી સ્હાયક
અસત્યના છો આપ સંહારક
સેવા અબળાની સ્વીકારી
મમ સ્વામી ઉરમાં ધારજોરે
પાંડવને કૌરવથી ઉગાર્યા
પટકુળ દ્રૌપદીના પૂર્યા
કેશી કંસ વિદારણ વ્હારે આવજોરે
સત્ય સ્હાયક મમ સ્વામી થઇને
ન્યાયી બ્રીટીશનો પક્ષગ્રહીને
ગયા રણ સંગ્રામે સ્હાય તેને કરોરે
જર્મન બળને નાથ તમે સમાવજોરે

ખરેખર પ્રભુ તું સત્યનો બેલી છે. જેમ સત્યવાદી પાંડવનો પક્ષ લઇને કૌરવનો નાશ કર્યો તેમ હે નાથ? બ્રિટીશ કે જે સત્યવાદી અને ન્યાયી છે તેનું તુ રક્ષણ કરજે હા હવે મારે પણ મારૂં કર્ત્તવ્ય બજાવવું જોઇએ ઘાયલ થએલા હિંદી વીરોને માટે એક હોસ્પીટલ ઉઘાડવી જોઇએ આ બાબતમાં પિતાજીનો શું મત છે તે જાણ્યા પછી કાર્યનો આરંભ કરવો એ વધારે ઠીક ગણાશે માટે ચાલ પીતાજી પાસે જાઉં અને આ દલીલ જાહેર કરૂં

રાણી—(આવીને) બ્હેન—બ્હેન વધાઇ સરદાર કેશરીસિંહ લડાઇમાં બહાદુરી બતાવી અત્રે આવવાને ઉપડી ગયા છે. અને આજ કાલમાં આવી જશે પિતાજીએ મને આ ખબર આપવા મોકલી છે, અને વળી આપને પિતાજી બોલાવે છે.......(જાય છે)

પ્રવેશ ૮મો

તેજસિંહ—પાછળથી સુરબાળાનું આવવું વાતચીત અને લગ્ન વિચાર કરી તેજસિંહનું જવું વ્હાલાની વાટ જોતી સુરબાળાનું હર્ષઘેલી થવું કેશરીસિંહનું આવવું અચાનક મેળાપ. અને રાજ્ય તરફ વિદાય.

તેજસિંહ—ખુશી થવા જેવું છે કે જે ચાંદ આજ સુધી કોઇપણ હિંદી સૈનીકોને મળ્યો નથી. તે મારા સરદાર કેશરીસિંહને મળ્યો. જાણી મારા અહો ભાગ્ય સમજું છું હવે તેને કેવા પ્રકારના માનથી સત્કાર કરવો. તેજ વિચારવાનું.........

......હા સુરબાળા ઉમર લાયક થઇ છે માટે તેના લગ્ન એ સરદાર સાથે કરી નાંખુ તો કેમ ઠીક છે. સુરબાળાને પુછી તેના વિચારો જાણ્યા પછી વાત (એટલામાં સુરબાળા આવે છે)

સુરબાળા—પિતાજી નમસ્કાર કરૂં છું મ્હને કેમ બોલાવવી પડી

તેજસિંહ—સુર, આપણા સરદાર લડાઇમાં બહાદુરી બતાવી માન મેળવી અત્રે આવે છે. હવે આવવાની તૈયારી પણ છે શું તેની બહાદુરી! આખા હિંદમાં તેના વખાણ! ખરેખર લાયક સરદાર છે બ્હેન તેના સબંધમાં હું તને કાંઇક પુછવા ધારૂં

છું માટે શરમાતી નહિ. હા જેવી ઇચ્છા હોય તેવી જણાવી દેવા હરકત રાખીશ નહિ.

સુરબાળા—ખુશીથી પુછો પિતાજી.

તેજસિંહ—જો બેટા હવે તું ઉમર લાયક થઇ છે વળી હાલમાં કોઇપણ યોગ્ય રાજકુંવર તારે લાયક નથી. તેથી સરદાર કેશરીસિંહ સાથે તારા લગ્ન થાય તો કેમ તે દરેક રીતે ગુણુમાં રૂપમાં અને યુદ્ધ કળામાં નિપુણ છે વળી આજથી ઇંગ્રેજ સરકારનો માનીતો યોદ્ધો થયો છે. માટે બોલ તારો શું વિચાર છે.

સુરબાળા—પિતાજી—બાપ જે કાંઇ કરતા હશો તે યોગ્ય વિચાર કરીનેજ કરતા હશો તેમાં હું સમ્મત ન થાઉં એ બને ખરૂં કે જેવી આપ વડીલની મરજી

તેજસિંહ—ઠીક ત્યારે તૈયારી કરજે હું તેની સામે જાઉં છું આજેજ સુભ મંગળ વરતાવી દઇએ. એમ કહી તેજસિંહ જાય છે.

સુરબાળા—હા ભાવતું હતું અને વૈદે કહ્યું પિતાજીને થોડીજ ખબર છે કે આ બન્નેના હૃદય તો કયારના સંલગ્ન થઇ ચુક્યા છે હશે જે થાય તે સારા માટે અરે પણ હમણાજ સરદાર પધારશે.

૪૪

આવશે આવશે, મોહન મારા
જાદુઆરા પ્રાણુથી પ્યારા
આજે પધારશેરે....................

લઇશ વધાવી હૃદય ઉભરાવી
આલીંગને મુજ હરખાવશેરે............આવશે.
યોવન લ્હાવો લઇ લેવરાવી
પ્રીતિરસને ખુબ પીવરાવી
રંગે રસીલો ભીંજાવશે આવશે

હા હમણા પધારશે, પણ જ્યારે તે અહિં આવે ત્યારે મારે સત્કાર શું કરવો. યુરોપમાં જેણે પોતાની બહાદુરી બતાવી હિંદની ખરી વફાદારીનો હિસ્સો આપી જે માન મેળવ્યું છે તેવા એક વીર નરનો અવશ્ય મારે સત્કાર તો કરવોજ જોઇએ.

દિપાવ્યું નામ દુનિઆમાં બતાવી હિંદ વફાદારી
બ્રિટીશના પ્રેમને જીત્યો ચલાવી ખુબ હુશીઆરી
બતાવી બળ બહાદુરી કરી નામના બહુ ભારી
હવે એ આવશે અહિંયા બીરૂદ બસ "વીર"નું ધારી
કરૂં સત્કાર શું તેનો બોલાવું બોલથી કેવા
વધાવું ફુલથી કે શું હૃદયના ઉભરાથી આ
થઇ છું હર્ષ ઘેલી હું કહો કઇ રીતને ધારૂં
સુજે ના કાંઇ તે મુજને ભુલી છું ભાન હું મારૂં
બતાવો કોઇ આવીને માનીશ ઉપકાર હું ભારી
સખી સહુ તમે આવો બતાવવા મુજને બારી

સખીઓ—(આવીને) વાહવા આતો સ્વામીને ભેટવા બ્હાવરી બની છેને શું.

૪૫

જોજે ભાન ભુલી જતીના
સખી હર્ષ ઘેલી થતી ના

૧ સખી— વાહવા બની શું બહાવરી (૨) વાહવા

સુરબાળા—મર્કટ મનડું કુદાતું આ
હૃદય હર્ષે ઉભરાતું આ
ચંદ્ર ભેટવા આ
બની ઉલ્લાસી વિભાવરી (૩) વાહવા
રસીલો રસરંગથી રમાડશે
નગીનો નયન બાણે નચાવશે

સખી— નચાવશે તેમ નાચશે આ સુંદરી (૨) વાહવા

સુર—સખીઓ હવે એવા નકામા ટાયલા જવા દ્યો અને પાસેના બગીચામાંથી પુષ્પો લાવી તેનો હાર બનાવો એ બહાદુર કેશરી હમણા પધારશે.

ચાર સખીઓ રહે છે અને બીજીઓ જાય છે એટલામાં કેશરીસિંહ આવે છે.

સુરબાળા—આવો વીરનર પધારો.

કેશરી—કેમ સુરબાળા તબીયત તો મજાની છેને.

સુર—અમને વળી શું હતું કે તબીયત મજામાં ન હોય પણ તમારી

તબીયત કેમ છે તે કહોને? કારણકે લડાઇમાં બહાદુરી બતાવવી એ કાંઇ નાની સુની વાત નથી વળી તે વિદેશ કહેવાય માટે ત્યાંની હવા તમને માફક આવી કે કેમ તે મારેજ પુછવું જોઇએને? કહો ત્યાંનો બધો હેવાલ મને કહો.

કેશરી—બાળા તેનો બહુ વિસ્તાર હોવાથી હાલ કહી શકાય તેમ નથી પછી નિરાંતે વાત કરીશું કારણ કે રાજસભામાં હાલ તુરતજ જવાનું છે. મારી ત્યાં વ્હાટ જોવાની હશે.

સુર—હા? કારણકે ત્યાં આપને માન આપવા સાથે આપ જે વસ્તુને પ્રાણ કરતાં પણ વધારે ચાહો છો તે વસ્તુને ભેટ પણ આપને કરવાની છે.

કેશરી—એવી કઇ વસ્તુ છે.

સુર—તે રાજસભામાં જણાશે.

એટલામાં સખીઓ હાર લઇને આવે છે તે હાર લઇને નાથ!

સ્વીકારી લેશો તે ધરે જે ભેટ આ બાળા
કરૂં સત્કાર તમારો હું વધાવી વ્હાલથી વ્હાલા
નથી કંઇ કીંમતી વસ્તુ છતાં અમુલ્ય કહેવાયે
સહુનો છે પ્રભુ પ્યારો જગત તેથીજ પહેરાવે
(માટે) પ્રભુ સમ આપને ધારી પહેરાવે આજ તે બાળા
હૃદયના ભાવથી કંઠે સ્વીકારો એ ફુલની માળા

કેશરી—વ્હારા સત્કારની કીંમત આંકી શકાય તેવી નથી છતાં તેનો વિસ્તાર કરવાનો વખત નહિ હોવાથી હાલ તો હું રજા લઇશ.

સુરબાળા—સુખેથી પધારો.

૪૬

પ્રિયતમ પાતળીઆ
રાજસભમાં પધારો
સુખકર શામળીઆ
થાશે સ્નેહમાં વધારો........પ્રિયતમ૦
વાહલા બાળા ગુણ મણિ માળા
સ્નેહની શાળા હૃદય વિશાળા
આરોપીશ કંઠે ત્યાં વરમાળા........પ્રિયતમ૦

જાય છે.

પ્રવેશ ૯મો

સ્થળ—તેજસિંહની રાજસભા તેજસિંહ કેશરીસિંહ વિગેરે અમલદાર કારભારી અને શહેરના સંભાવિત સ્ત્રી પુરૂષોનું એક પછી એકનું આવવું કેશરીસિંહનો સત્કાર અને પોતાની પુત્રી વીરબાળાનો હસ્ત મેલાપ આનંદ ધ્વની સાથે પુર્ણાહુતી.

તેજસિંહ—

શાબાશ છે વીર કેશરી તેં નામના જગમાં કરી
કીર્તી વધારી તાહરી ને નામના મુજની કરી

સરદાર આજે તમોને કેવા માનથી વધાવું એજ મને વિચાર થાય છે તમે યુરોપમાં જઇ જે બહાદુરી બતાવી નામદાર શહેનશાહના એક પ્રિયપાત્રતાને પામ્યા છો જેને માટે હું મગરૂર થઇ તમોને ધન્યવાદ આપું છું.

ફ્રાસ્ખારી—આજનો આ માંગલીક પ્રસંગ એવો તો મહાન છે કે તે ઇતિહાસના પટ પર એક દિવસ અવશ્ય લખાશે, આપણા હિંદી સૈનીકોને લડાઇમાં જે હિસ્સો મળે છે તેથી આપણે બ્રિટીશ રાજ્યને ધન્યવાદ આપવા સાથ આપણે આપણા અહો ભાગ્ય સમજવાના છે આપણી બ્રિટીશ રાજ્ય પ્રત્યે કેટલી વફાદારી છે તે લડાઇ પ્રસંગ ઉપસ્થીત થતા આપણુને બતાવી આપવાની સોનેરી તક મળી છે, આપણા હિંદી સઇનિકો યુદ્ધકળામાં પ્રવિણ છે તે પણ જણાવવાની તક મળી છે આવા પ્રસંગે નામદાર બ્રિટીશ સરકારને હું એક વિનંતી કરૂં તો તે અયોગ્ય નહિ કહેવાશે,

આ પ્રસંગે એક વાત મારૂં લક્ષ ખાસ કરીને ખેંચે છે તે એ છે કે જો નામદાર સરકારે કૃપા કરીને આ ત્રીશ કરોડની હિંદુસ્તાનની વસ્તીમાંથી પચાસ સાઠ લાખ જેટલી પ્રજાને પણ લડવૈયા તરીકે કેળવી હોત તો આજે તેનાથી કેટલી પ્રબળ સહાય તેમને મળી શકી હોત અને હજુ પણ અમારી એજ પ્રાર્થના છે કે પ્રજાને લડવૈયા તરીકે કેળવવી કે જેથી ભવિષ્યમાં આવા પ્રસંગો ઉપસ્થીત થાય તો તે પ્રસંગે પોતાનાજ ઘરમાંથી એક મોટું સૈન્ય તરતજ તૈયાર કરી શકાય યુરોપીઅન પ્રજા લડવામાં ઘણી બહાદુર છે તેની નાનથી પણ અમે અમારા અભિમાન સાથે એટલું તો જણાવવાનું બ્યાજબી વિચારશું કે આ દેશના રજપુત, મરાઠા શીખ, ગુરખા કાઠી આયર વિગેરે જાતો પણ લડવામાં કોઇ

અદ્ભુત શક્તિવાળી છે તેઓને કવાયત નહિ મળવાથી આજે તે બળહિન થઇ ગઇ છે, પણ જો એક વખત તેમને કેળવવામાં આવે તથા તેમને આવી લડાઇઓમાં મોકલવામાં આવે તોપણ બતાવી આપે કે તેમનામાં શું વિશેષ રહેલું છે.

પૃથ્વીરાજ પ્રતાપ શીવાજી વિગેરેમાં જે અપુર્વ અને વિલક્ષણ બળ હતું તેવુંજ બળ આ પ્રજાના અંતરમાં છેજ પણ તે ખોરંબે પડેલું છે તેથી આવી પોતાનાજ ઘરમાં પડેલી વસ્તુનો ઉપયોગ જો નામદાર ઇંગ્રેજ સરકાર કરવાનું વિચારશે તો ભવિષ્યમાં એક અમુલ્ય સ્હાય થવાનો સંભવ છે અને આવા એક નહિ પણ હજારો કેશરી (તાળીઓ) નિકળશે. એમ અમારૂં માનવું છે આટલું બોલી સરદાર કેશરીસિંહે જે પરાક્રમ બતાવ્યું છે તેને માટે ઉપકાર માની બ્રિટીશ રાજ્યનો જય થાઓ અને આ વિગ્રહનો જલદી અંત આવો એવી પ્રભુ પ્રાર્થના છે આટલું કહી બેસી જાઉં છું.

કેશરી—મ્હારા વ્હાલા શીરતાજ નરપતિ મહારાજ તેજસિંહ અને અન્ય સભાસદો મને આજે જે માન આપવામાં આવ્યું છે તે માટે ઉપકાર માનું છું આ માનને હું લાયક નથી કારણ કે મેં તે મારી ફકત વફાદારી બતાવી છે. તેથી વિશેષ કોઇ કર્યું નથી આ જશ નામદાર બ્રિટીશ સરકારનેજ છે આટલું કહી બેસી જાઉં છું,

તેજસિંહ—સરદાર આજે આપને અમે જે માન આપ્યું તે યોગ્યજ

છે મારા તરફથી બ્રિટીશ રાજ્ય પ્રત્યે આપે જે વફાદારી બતાવી છે તે માટે ધન્યવાદ આપવા સાથ હું મ્હારી એક પ્રિયમાં પ્રિય વસ્તુ ભેટ આપવા ઇચ્છા રાખું છું આશા છે કે તે આપ સ્વીકારી આ પ્રસંગ કાયમ ચિરસ્મરણીય બનાવશો આવ બ્હેન સુરબાળા. કેશરીસિંહ તમે પણ આમ આવો.

(બન્નેનો હસ્ત મેલાપ કરીને)

મારી આ ભેટ કબુલ રાખશો અને છેવટે આશીષ આપું છું કે આપ યુગલ દંપતિ આનંદ ભોગવો એજ.

નાચ

